dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 7 | Issue- 206 | AD - 2024, Chaitra Vad - 06 | Tuesday, Dt.30-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## મહારાષ્ટ્રના સોલાપુરમાં પ્રધાનમંત્રીએ રેલી યોજી દેશવાસીઓને ખાતરી આપી

# ભાજપનો આરક્ષણ ખતમ કરવાનો કોઈ ઈરાદો નથી : પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ત્રીજા તબક્કાના મતદાન પહેલા પીએમ મોદીએ મહારાષ્ટ્રના સોલાપુરમાં રેલી યોજી હતી. આ દરમિયાન તેમણે ખાતરી આપી હતી કે ભારતીય જનતા પાર્ટીનો આરક્ષણ ખતમ કરવાનો કોઈ ઈરાદો નથી. તેમણે એમ પણ કહ્યું કે જો આજે બાબાસાહેબ આંબેડકર હોત તો તેઓ પણ બંધારણ બદલી શક્યા ન હોત. પીએમ મોદીએ કહ્યું, "હું તમારા આશીર્વાદ લેવા આવ્યો છું કારણ કે તમે આગામી પાંચ વર્ષ માટે વિકાસની ગેરંટી પસંદ કરશો. મેં પહેલેથી જ કહ્યું છે કે, આજે બાબાસાહેબ આંબેડકર ઈચ્છે તો પણ તેઓ બંધારણ બદલી શકતા નથી. મોદી પણ તેને બદલી શકતા નથી. તમે પાંચ વર્ષનો રેકોર્ડ જુઓ, મોદી પાસે જેટલા વોટ જોઈએ તેટલા છે, પરંતુ આ રસ્તો અમને સ્વીકાર્ય નથી, હું મારાથી બને એટલી તાકાત આપવા કટિબદ્ધ છું.

પીએમ મોદીએ કહ્યું કે આજે કોંગ્રેસ અને ભારત ગઠબંધન ઓબીસી પ્રતિનિધિત્વના નામે જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે. તેમનું સત્ય દેશની સામે આવી ગયું છે અને તેનાથી તેઓ ચોંકી ગયા છે. આ સમગ્ર ચૂંટણીમાં ભારત ગઠબંધનના આ તમામ લોકોનો એક જ એજન્ડા છે. મોદીને નવી ગાળો આપી રહ્યા છે. તેમની પાસે દૃષ્ટિ નથી. ભાજપ પાસે એક વિઝન છે અને તેઓ આ વિઝન માટે પોતાનો જીવ આપી દેશે.

પીએમ મોદીએ કોંગ્રેસના જમાનામાં ગઠબંધન સરકારને યાદ કરતા કહ્યું કે, "આ લોકો સત્તા હડપ કરવા માટે ભાગલા પાડતા રહ્યા છે. હવે આ લોકો એક નવી ફોર્મ્યુલા લાવ્યા છે. તેઓ પાંચ વર્ષમાં પાંચ પીએમ લાવ્યા છે. એટલે કે પહેલા વર્ષમાં પહેલા પીએમ, બીજા વર્ષે બીજા પીએમ, ત્રીજા વર્ષે ત્રીજા પીએમ, ચોથા વર્ષે ચોથા પીએમ, પાંચમા વર્ષે પાંચમા પીએમ. તેમની પાસે સત્તા કબજે કરવાનો આ જ રસ્તો બચ્યો છે, કારણ કે તેઓ દેશ ચલાવવા માંગતા નથી, તેઓને નથી તમારા ભવિષ્યની ચિંતા તેમને મલાઈ ખાવાની છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે કોંગ્રેસ અને ભારત ગઠબંધનના સભ્યો અનામતના નામે જુઠ્ઠાણું



ફેલાવી રહ્યા છે. તેમનું સત્ય દેશની સામે આવ્યું છે અને તેનાથી તેઓ ચોંકી ગયા છે. આ આખી ચૂંટણીમાં ઈન્ડિ. ગઠબંધનના આ બધા લોકો પાસે મોદીને ગાળો આપવાનો એક જ એજન્ડા છે.

પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે એસસી-એસટી અને ઓબીસીના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કર્યો. તેમની પાસે દૃષ્ટિ નથી. અમારી પાસે એક વિઝન છે અને અમે આ વિઝન માટે આ જીવન વિતાવીશું. તેમણે કહ્યું કે આ લોકો સત્તા હડપ કરવા માટે વિભાજન કરી રહ્યા છે. હવે આ લોકો પાંચ વર્ષમાં પાંચ નવા પીએમની ફોર્મ્યુલા લાવ્યા છે. તેમની પાસે સત્તા કબજે કરવાનો આ એકમાત્ર રસ્તો બચ્યો છે, કારણ કે તેમને દેશ ચલાવવાનો નથી. પીએમ મોદીએ કહ્યું કે હું ૨૦૨૪માં બીજી વખત સોલાપુર આવ્યો છું. જ્યારે હું જાન્યુઆરીમાં આવ્યો હતો ત્યારે હું કંઈક લાવ્યો હતો પણ આજે હું તમારી પાસે કંઈક માંગવા આવ્યો છું, અને હું તમને ભવિષ્યમાં ઘણું બધું આપવા માંગુ છું તેથી માંગવા આવ્યો છું. આ ચૂંટણીમાં તમે આગામી ૫ વર્ષ માટે વિકાસની ગેરંટી પસંદ કરશો. બીજી તરફ એવા લોકો પણ છે જેમણે ૨૦૧૪ પહેલા દેશને આતંકવાદ, ભ્રષ્ટાચાર અને ખરાબ શાસનની ચુંગાલમાં ધકેલી દીધો હતો. કલંકિત ઈતિહાસ હોવા છતાં કોંગ્રેસ ફરીથી દેશમાં સત્તા કબજે કરવાના સપના જોઈ રહી છે. બે તબક્કાની ચૂંટણીમાં ભારત ગઠબંધનનો ડબ્બો પૂર્ણ થઈ ગયો છે.

### વડાપ્રધાનનો કોંગ્રેસ પાર્ટી પર તુષ્ટિકરણનો આરોપ

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિપક્ષી પાર્ટીઓ અને ખાસ કરીને કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરવાની કોઈ તક છોડતા નથી. પીએમ વિવિધ રેલીઓ અને જાહેર મંચો દ્વારા કોંગ્રેસ પાર્ટી પર તુષ્ટિકરણનો આરોપ લગાવી રહ્યા છે. હવે પીએમ મોદીએ વધુ એક દાવો કરીને કોંગ્રેસ પર પ્રહાર કર્યા છે. પીએમ મોદીએ કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી પ્રોપર્ટીની વહેંચણી માટે વક્ફ પ્રોપર્ટીને સ્પર્શશે નહીં પરંતુ અન્ય સમુદાયોની સંપત્તિ પર નજર રાખશે. મોદીએ કહ્યું છે કે ભારતનું બંધારણ તમામ લઘુમતીઓની સંપત્તિનું રક્ષણ કરે છે. તેમણે કહ્યું કે આનો અર્થ એ છે કે જ્યારે કોંગ્રેસ મિલકતના પુન:વિતરણની વાત કરે છે, ત્યારે તે લઘુમતીઓની મિલકતોને સ્પર્શ કરી શકતી નથી, તે વિતરણ માટે વક્ફ મિલકતોને ધ્યાનમાં લઈ શકતી નથી, પરંતુ તે અન્ય સમુદાયોની મિલકતો પર ધ્યાન આપશે.

# છત્તીસગઢમાં માર્ગ અકસ્માત : ૮ના મોત, ૨૩ ઘાયલ

(એ.આર.એલ),રાંચી,તા.૨૯

છત્તીસગઢના બેમેટારા જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં ૫ મહિલાઓ અને ૩ બાળકોના મોત થયા છે અને ૨૩ લોકો ઘાયલ થયા છે. બેમેટારામાં બોલેરોમાં મુસાફરી કરી રહેલા લોકો એક કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ દરમિયાન તેમની કાર રોડના કિનારે પાર્ક કરેલી મઝદા સાથે અથડાઈ હતી. આ ઘટના કાળિયા પેટ્રોલ પંપ પાસે બની હતી. આ અકસ્માતમાં ૨૩ લોકો ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પોલીસ અધિકારીઓએ સોમવારે આ જાણકારી આપી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે જિલ્લાના કાઠિયા ગામ નજીક અન્ય માલસામાન વાહન સાથે પિકઅપ વાહન અથડાતાં આઠ લોકોના મોત થયા હતા અને ૨૩ અન્ય ઘાયલ થયા હતા.

એક એવી શાળા કે જ્યાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
બાલમંદિર થી ધો. ૧૨
ADMISSION OPEN
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટ્સ
ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
હાફ ડે સ્કૂલ | ફૂલ ડે સ્કૂલ
મિક્સ મિડિયમ સ્કૂલ | જવાહર નવોદય પરીક્ષા સેન્ટર
વૈદિક પાઠશાળા | સ્પોર્ટ્સ સ્કૂલ
સ્કીલ સ્કુલ | ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી
સાયન્સ, કોમર્સ, આર્ટ્સ અને બીસીએ. કોલેજ સુચિત
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧

## સુરક્ષા એજન્સીઓ અને પાક. બોટ વચ્ચે ફાયરિંગ : બે માછીમારો ઝડપાયા

# સતત બીજા દિવસે અરબ સાગરમાંથી ૧૭૩ કિલો ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદ,તા.૨૯

ગુજરાતના દરિયામાંથી અવારનવાર નશીલા પદાર્થ ઝડપાતા હોય છે, ત્યારે વધુ એક વખત ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં સુરક્ષા એજન્સીઓને સફળતા મળી છે. અરબી સમુદ્ર માર્ગે નશીલા પદાર્થનો કાળો કારબોર કરનારા સુરક્ષા એજન્સીના સકંજામાં આવી જાય છે. ગુજરાતના દરિયામાંથી અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનું



ડ્રગ્સ ઝડપાયું છે. ત્યારે ફરી એકવાર અરબ સાગરથી ૧૭૩ કિલો ડ્રગ્સ ઝડપાયું છે. સાથે જ બે માછીમારોની ધરપકડ પણ કરવામાં આવી છે. અરબ સાગરમાંથી સુરક્ષા એજન્સીઓએ બાતમીના આધારે એક મોટુ ઓપરેશન પાર પાડ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પોરબંદરના દરિયામાંથી ૯૦ કિલો હેરોઇન જપ્ત કરવામાં આવ્યું હતું. એટીએસ અને એનસીબી દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન ૯૦ કિલો હેરોઈન સાથે ૧૪ પાકિસ્તાની નાગરિકો ઝડપાયા હતા. આ ડ્રગ્સને ભારત લાવવામાં આવી રહ્યું હતું. સફળ ઓપરેશન હાથ ધરી હેરોઇનનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન સુરક્ષા એજન્સીઓ અને પાકિસ્તાની બોટ વચ્ચે ફાયરિંગ પણ થયું હતું. જેમાં પાકિસ્તાની બોટ ચાલક ઈજાગ્રસ્ત થયો હતો. ઓપરેશનને સફળ કરવા માટે મિશનમાં ભારતીય કોસ્ટ ગાર્ડનાં જહાજો અને એરક્રાફ્ટ તહેનાત કરવામાં આવ્યા હતા.

શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી
9586102525 / 94274 55593 / 94288 92183
નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.
◆ પ્રી-પ્રાયમરી
PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
◆ ધો. ૧ થી ૫
PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
◆ ધો. ૬ થી ૮
B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
◆ ધો. ૯, ૧૦
B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
◆ ધો. ૧૧, ૧૨ (કોમર્સ)
M.Com., B.Ed., M.A., B.Ed.
◆ ડ્રોઈંગ, કોમ્પ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
◆ Office clerk
કમ્પ્યુટરના જાણકાર
ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.

ટાફે મેસી ફરગ્યુસન કંપની
ખેતાણી મોટર્સ એન્ડ ટ્રેક્ટર્સ પ્રા.લી.
સ્ટાફ જોઈએ છે.
ટ્રેક્ટરનુ માર્કેટિંગ કરી શકે તેવા ગામડે હરી ફરી શકે તેવા સેલ્સમેન વ્યક્તિઓની જરૂર છે.
આકર્ષક પગાર + ઈન્સેન્ટિવ
વર્કીંગ તાલુકા
લાઠી
બાબરા
બગસરા
કુંકાવાવ
વડિયા
ધારી
અમરેલી
એરિયા મેનેજર રાહુલ આનંદ 95109 46495
ફિલ્ડ ઓફિસર હાર્દિકભાઈ મોરી- 85110 46865

Care is our culture
AIMS HOSPITAL-AMRELI - એઈમ્સ હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ
• ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
• દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
• (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
• મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
• કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુ:ખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
• પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયૂર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ
આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૩,૮૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૯/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
૧૪ વર્ષ ની ગેરંટી
9 YEAR WARRANTY
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૩૦-૦૪-૨૦૨૪

### એસટી ડેપોમાં પંખાની ધીમી ગતિ અને ખાળકૂવાની દુર્ગંધથી મુસાફરોમાં ભારે રોષ

# રાજુલા શહેરનાં મોડેલ એસટી ડેપોમાં સુવિધાના અભાવે લોકોને ભારે હાલાકી



તસ્વીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૯

રાજુલાના એસટી ડેપોને થોડા સમય પહેલા જ મોડેલ ડેપો જાહેર કરવામાં આવ્યો હતો. જોકે આ મોડેલ ડેપો માત્ર કાગળ પર હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. મોડેલ ડેપો જાહેર કર્યો હોવા છતાં અહીં મુસાફરો માટે સુવિધાના નામે કંઈ જ નથી જેના કારણે મુસાફરો પણ ત્રાહિમામ પોકારી ગયા છે.

અહીં ડેપોમાં નવા પંખા ફીટ કરવામાં આવેલ છે જેમાંથી ચાર પંખા બંધ છે જ્યારે બાકીના પંખા ધીમી ગતિએ ચાલે છે. અદ્યતન સુવિધા આપવાની વાતો માત્ર કાગળ પર જ જોવા મળે છે. અહીં રાત્રે ૯ કલાકે ટોયલેટ બંધ થઈ જાય અને સવારે મન પડે ત્યારે ખોલવામાં આવે છે. વાવાઝોડા સમયે રાજુલા ડેપોની દિવાલ પડી ગઈ હતી જેને ત્રણ વર્ષ થયા હોવા છતાં આ દિવાલ હજુ રિપેર કરવામાં આવી નથી.

સાથે જ બે દિવસ થાય એટલે ખાળકૂવો ભરાઈ જાય છે અને ટેન્કર ભરવા આવે એટલે પેસેન્જરને આ ખાળકૂવાની દુર્ગંધ સહન કરવી પડે છે. મુસાફરોને પડતી આટલી બધી હાલાકી પછી શું આ ડેપોને મોડેલ કહેવાય ખરો તે એક મોટો સવાલ છે.

### આ પહેલા બહેનોએ પણ મેડલ મેળવ્યો હતો

# એસ.એચ.ગજેરાસ્કૂલનાવિદ્યાર્થીઓએ હેન્ડબોલમાં રાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવ્યો

## રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું



અમરેલી, તા.૨૯

અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ હેન્ડબોલ રમતમાં નેશનલ કક્ષાએ મેડલ મેળવી નામ રોશન કર્યુ છે. ૧૭મી મીની હેન્ડબોલ ભાઈઓની ચેમ્પયનશીપનું મુંબઈ મહારાષ્ટ્ર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાઘેલા સૂર્યદીપ, દુડવે નરેશ અને ચૌહાણ નેવીન ધો. ૭ના આ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગૌરવ વધારવા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, હેન્ડબોલ કોચ રવિભાઈ નાવડીયા, ડીએલએસએસ સ્ટાફ અને શાળાના આચાર્યો તેમજ સમગ્ર શૈક્ષણિક સ્ટાફે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

### વિદ્વાન વક્તા શરદભાઈ વ્યાસ કથાનું રસપાન કરાવી રહ્યા છે

# સાવરકુંડલાના પીઠવડી ગામે બાલધા પરિવાર આયોજિત ભાગવત કથાનો પ્રારંભ


તસ્વીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે બાલધા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સાવરકુંડલાના પીઠવડી ગામે વિનુભાઈ બાલધા, ભગીરથભાઈ બાલધા અને દકુભાઈ બાલધા તેમજ બાલધા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનો આજે પ્રારંભ કરવામાં આવ્યો છે. વ્યાસપીઠ પર બિરાજી વિદ્વાન વક્તા શરદભાઈ વ્યાસ કથાનું રસપાન કરાવી રહ્યા છે. સમગ્ર પીઠવડી ગામ શ્રદ્ધા અને આસ્થાના રંગે રંગાયું છે. બાલધા પરિવારના ૫૧ પિતૃઓના મોક્ષાર્થે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ખૂબ જ ભાવ અને શ્રદ્ધાપૂર્વક બાલધા પરિવાર આયોજિત આ કથામાં સમગ્ર સૌરાષ્ટ્રના ખ્યાતનામ સંતો, રાજસ્વી રત્નો અને ઉદ્યોગપતિઓ પધારશે તો કથાનો શકય એટલો લાભ લેવા જનતાને અનુરોધ કરાયો છે.

# ટીટોડીએ પાંચ ઈંડા મુકતા આ વર્ષે સારો વરસાદ પડવાની શક્યતાં

### જેઠ મહિનામાં સારો વરસાદ થવાની વકી


તસવીર :હસમુખ રાવળ

બાબાપુર,તા.૨૯

ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં ટીટોડીએ ઈંડા મુકવાની શરૂઆત કરી દીધી છે. એવું કહેવાય છે કે, ટીટોડી જેટલા વધારે ઈંડા મૂકે તેટલો વરસાદ વધુ પડે છે. ત્યારે ગોપાલભાઈ નાનુભાઈ દુધાતનાં ખેતરમાં ટીટોડીએ પાંચ ઈંડા મુકેલા છે. જાણીને નવાઈ લાગશે કે ટીટોડી ત્રણથી ચાર ઈંડા મૂકે ત્યારે વરસાદ સારો થવાનું અનુમાન હોય છે. પણ આ વર્ષે પાંચ ઈંડા મુકવાથી જેઠ મહિનામાં વરસાદ પડી શકે છે એમ હસમુખ રાવળ જણાવે છે.

### કાર્યક્રમમાં લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમરની હાજરી

# ધારીના ગોપાલગ્રામ ખાતે ખોડિયાર માતાજીની લાપસીનું આયોજન

## ધારાસભ્ય જે.વી. કાકડિયા પણ કાર્યક્રમમાં હાજર રહ્યાં



અમરેલી,તા.૨૯

ધારી તાલુકાના ગોપાલગ્રામ ખાતે ખોડિયાર માતાજીની લાપસીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકીય આગેવાનોની હાજરી જોવા મળી હતી જેમાં અમરેલી લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભોજલરામ બાપા સેવા સહકારી મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડિયા દ્વારા ભોજાભગતની તસવીર આપીને મહાનુભાવોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા પણ હાજર રહ્યાં હતા.

### બગસરા સથવારા સમાજના ઉપપ્રમુખનો વીડિયો વાયરલ

# ૪૦૦ વ્યક્તિઓને બદલે ૪૦૦ રોબોટ ઉભા રાખો : દિનેશ હડીયલ

## ચૂંટાયા બાદ કોઈ સાંસદ કામ જ કરતા નથી તેવા આક્ષેપથી ચકચાર

બગસરા,તા.૨૯

બગસરામાં થોડા દિવસ પહેલા ભાજપ દ્વારા કોળી સમાજની વાડી ખાતે સથવારા અને કોળી સમાજનો સામાજિક સંવાદનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સથવારા સમાજના ઉપપ્રમુખ દિનેશ હડીયલને સ્ટેજ પર સ્થાન નહી આપી તેનું અપમાન કરવામાં આવતા સથવારા સમાજમાં રોષ ફાટી નિકળ્યો હતો.

જો કે આ ઘટના બાદ સથવારા સમાજના ઉપપ્રમુખની તરફેણમાં અનામી પત્રિકા વાયરલ થઈ હતી. જેમાં શહેર ભાજપના પૂર્વ પ્રમુખ એ.વી.રીબડીયા સામે અપમાન કર્યાનો આક્ષેપ કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

જો કે આ ઘટના બાદ હવે સથવારા સમાજના ઉપપ્રમુખ અને ભાજપના હોદ્દેદાર દિનેશ હડીયલનો એક જૂનો વીડિયો વાયરલ થયો છે જેમાં દિનેશ હડીયલ જણાવે છે કે, લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ વ્યક્તિઓને બદલે ૪૦૦ રોબોટને ઉભા રાખવામાં આવે તો પણ જીતી જાય. આમ પણ સાંસદો ચૂંટાયા પછી કોઈ કામ તો કરતા નથી. ભાજપ હોદ્દેદારના નિવેદન બાદ ભાજપમાં ભારે નારાજગી જોવા મળી રહી છે ત્યારે આગામી ચૂંટણીમાં આ વિવાદ કયાં સુધી જાય છે તે જોવાનું રહ્યું

# અમરેલીમાં મતદાન જાગૃતિ માટે 'ફ્લેશ મોબ' યોજાઈ



અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લામાં ૧૫ દિવસના ઈન્ટેસિવ મતદાન જાગૃતિ અભિયાન અન્વયે અમરેલી સ્થિત ગાંધીબાગ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયા, ખર્ચ અને નોડલ અધિકારી પરિમલ પંડ્યા અને ખર્ચ નિરીક્ષક શ્રીનિવાસુ કોલ્લીપકાની પ્રેરક ઉપસ્થિતિમાં 'ફ્લેશ મોબ' યોજાઈ હતી. કાર્યક્રમની શરુઆતમાં કેતનભાઈ મહેતા અને ગ્રુપ દ્વારા મતદાન જાગૃતિના થીમ સોંગ પર સુંદર નૃત્ય કરીને ઉપસ્થિત સૌ કોઈને મતદાન માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ તકે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ કહ્યુ કે, વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારતમાં ચૂંટણીનો અવસર આવ્યો છે ત્યારે અમરેલી લોકસભા વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે. મહત્તમ નાગરિકો મતદાન કરે તે અંગે લોકોને પ્રેરિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લા એક મહિનામા TIP અને SVEEP અંતર્ગત જિલ્લાના વિવિધ સ્થળો પર જઇને પાંચ લાખ કરતા વધુ લોકોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. મતદાર જાગૃતિ કાર્યક્રમ અન્વયે ગાંધીબાગમાં આ "ફ્લેશ મોબ" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યુ કે, મને વિશ્વાસ છે કે તેનાથી પ્રેરિત થઈને સાતમી તારીખે વધુ ને વધુ સંખ્યામાં લોકો મતદાન કરશે, ઉપરાંત આ સંદેશ અમરેલી બહાર વસતા અમરેલી જિલ્લાના મતદારોને પણ પહોંચાડવામાં આવશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# લીલીયાના ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપના આગેવાનોએ સભાઓ ગજવી

અમરેલી,તા.૨૯







અમરેલી લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. અમરેલી જિલ્લાના ભાજપના ધારાસભ્યો પોતાના મતવિસ્તારમાં ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં સભાઓ ગજવી રહ્યાં છે. જેના ભાગરૂપે લીલીયા તાલુકાના ખારાપાટ ગ્રામ્ય વિસ્તારોમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં સભાઓ ગજવી હતી. સભાઓને સંબોધતા મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, દેશની મહિલાઓ ચૂલા પર રસોઈ બનાવતી હતી ત્યારે પ્રધાનમંત્રીએ ઉજ્જવલા યોજના લાવી મહિલાઓના આંસુ લૂછવાનું કામ કર્યુ છે. આ વખતની ચૂંટણીમાં ભાજપે ભરતભાઈ સુતરીયા જેવા પાયાના કાર્યકરને મેદાનમાં ઉતાર્યા છે. જેમાં ભરતભાઈ સુતરીયાને લીલીયા તાલુકાના ખારાપાટ ગ્રામ્ય વિસ્તારમાં લોકોનો આવકાર મળી રહ્યો છે. જે પ્રકારે અમરેલી જિલ્લાના છેવાડાના ગામ સુધી વિકાસ કરવામાં આવ્યો છે તેને લઈને અમરેલીની જનતા નરેન્દ્ર મોદીને ત્રીજીવાર દેશના વડાપ્રધાન બનાવવા માટે થનગની રહી છે. અનેક વિકાસલક્ષી કામો રાજ્ય અને કેન્દ્રની સરકાર દ્વારા કરવામાં આવ્યા છે ત્યારે ફરીવાર ભાજપની સરકાર બને તે માટે અમરેલીના ગામે-ગામની જનતા ભરતભાઈ સુતરિયાને આવકારી રહી છે ત્યારે લીલીયા તાલુકાના ખારાપાટ વિસ્તારના સલડી, પૂતળીયા, મોટા કણકોટ, આંબા, પુંજાપાદર, જાત્રોડા, સનાળીયા, હાથીગઢ, એકલેરા, ગુંદરણ, પાંચતલાવડા, ક્રાંકચ, પીપળવા, ગોઢાવદર સહિતના ૧૪ ગામડાઓમાં ભરતભાઈ સુતરીયા અને સાવરકુંડલા અને લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સભાઓ ગજવતા ગ્રામજનોએ પણ સારો સહકાર આપ્યો હતો.

વધુમાં મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બને તે માટે આપણે સૌએ સાથે મળી ભરતભાઈ સુતરીયાને દિલ્હી મોકલવાના છે.

આ અંગે ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, આપણે પણ સંકલ્પ લઈએ કે આપણા વિસ્તારમાં મતદાનના દિવસે મતદાન કરવામાં કોઈ બાકી ન રહે અને યોગ્ય નિર્ણય લઈને આપ સૌ મતદાન કરો. આ તકે ભરતભાઈ સુતરીયાએ પણ કહ્યું હતું કે ગામના લોકોને જે પણ સમસ્યા હશે તે સમસ્યાનું અમે ધારાસભ્ય સાથે મળીને નિરાકરણ લાવીશું. ચૂંટણી સભા દરમિયાન ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ભરતભાઈ સુતરીયાનું ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું.

આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, જિલ્લા શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલભાઈ દુધાત, પૂર્વ ધારાસભ્ય હનુભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, બાબુભાઈ ધામત, જીવનભાઈ વોરા, અરુણભાઈ પટેલ, અરજણભાઈ ધામત, ઘનશ્યામભાઈ મેઘાણી, આનંદભાઈ ધાનાણી, વિજયભાઈ ગજેરા, કેતનભાઈ ઢાકેચા, તુષારભાઈ ધોરાજીયા, તાલુકા મહામંત્રી જીગ્નેશભાઈ સાવજ, ભરતભાઈ ઠુંમર, ગૌતમભાઈ વીંછિયા, જીવનભાઈ બારૈયા, બાલાભાઈ ભરવાડ, પરેશભાઈ પાડા, યુવા મોરચાના મહામંત્રી લલીતભાઈ વેકરીયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ દિલીપભાઈ સાવલિયા હાજર રહ્યાં હતા.

# શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા લાઠી ખાતે મહિલાઓ માટે સેમિનારનું આયોજન

લાઠી,તા.૨૯




શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા લાઠીમાં પુરીબેન માવજીભાઈ શંકર વિદ્યાલય ખાતે ફ્રીમાં બ્યૂટીપાર્લરના વર્ગો ચલાવવામાં આવે છે. ત્યારે આ બ્યૂટીપાર્લરમાં મહિલા તાલીમાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપવાના હેતુથી એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીનાં બ્યુટીશીયન સોનલબેન પટેલ અને તેમની ટીમ દ્વારા મેકઅપ તથા નવી નવી હેર સ્ટાઈલનું લાઈવ ડેમો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં તાલીમાર્થીઓ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા લાઠીના બ્યૂટીશીયન અર્ચનાબેન તથા સ્કૂલના પ્રિન્સિપાલ ઝરણાબેન દવે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રેલવે ટ્રેક પર સિંહ આવી ચડતા ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક લગાવી

## ટ્રેન ડ્રાઈવરની સતર્કતાથી સિંહનો જીવ બચ્યો

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લામાં ભૂતકાળમાં ટ્રેન અડફેટે સિંહોના મોત થયા છે. આ બાબતે હાઈકાર્ટે પણ વનવિભાગ અને રેલવે વિભાગની ઝાટકણી કાઢી હતી. ત્યારે રાજુલા પીપાવાવ સેકશન વચ્ચે અચાનક એક સિંહ ટ્રેક પર નજરે પડયો હતો. જેને પગલે અહીંથી પસાર થતી માલગાડીના ચાલકે ઈમરજન્સી બ્રેક લગાવી હતી અને સાવજથી ૫૦ મીટર જેટલા દૂર અંતરે ટ્રેન રોકી દીધી હતી. આ સમયે રેલવે લાઈન આસપાસ વનવિભાગના કોઈ કર્મચારી હાજર ન હતા. સાવજ ટ્રેક ઓળંગીને બીજી દિશામાં ચાલ્યો ગયો હતો. ૧૦ મિનિટ બાદ માલગાડી અહીંથી રવાના થઈ હતી. બાદમાં ટ્રેન મેનેજરે રાજુલા સ્ટેશન માસ્તર સાથે આ અંગે વાત કરી હતી. રેલ તંત્રએ લોકો પાયલોટ દિનેશ મીનાની કામગીરીને બિરદાવી હતી.

**હિન્દુ -મુસ્લિમમાં ભાઈચારો જોવા મળ્યો**

# બગસરામાં જુમ્મા મસ્જિદની વર્ષો જૂની દુકાનો ખાલી થતા મુસ્લિમ બિરાદરોમાં આંનદ છવાયો

બગસરા,તા.૨૯



બગસરામાં જુમ્મા મસ્જિદની વર્ષો જૂની દુકાનો ખાલી થતાં મુસ્લિમ બિરાદરોમાં આનંદની લાગણી જોવા મળી હતી. મળતી માહિતી મુજબ મસ્જિદનું રિનોવેશન ચાલી રહ્યું છે ત્યારે અહીં આવેલી ત્રણ દુકાનો ભાડુઆતે મસ્જિદને સોંપી દીધી હતી. દુકાનો મસ્જિદને મળતાં ટ્રસ્ટીઓ મનસુરભાઈ મામોડિયા, નિવૃત્ત પીએસઆઈ ગફારભાઈ બીલખિયા, સલીમભાઈ બીલખિયા, મહમદભાઈ કામોદ્રા, મહમદભાઈ કાળવાતર દ્વારા આ દુકાનો ખાલી કરનાર ભાડુઆતોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આ તકે સ્વામિનારાયણ મંદિરનાં મહંતો તેમજ અજર અમર હનુમાન મંદિરના મહંત, સુડાવડ ખોડિયાર માતાજી મંદિરના મહંત તેમજ હિન્દુ ધર્મનાં આગેવાનો હાજર રહ્યાં હતાં. આ તકે મુસ્લિમ બિરાદરો દ્વારા આ તમામ લોકોનું સન્માન કરાયું હતું. આમ અહીંના લોકોએ ભાઈચારાની આગવી ઓળખ આપી હતી અને બગસરામાં હિન્દુ મુસ્લિમની એકતા દેખાડી હતી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી







## અવસાન નોંધ

**મેકડા**

સ્વ. નાનાભાઈ પટગીર (ઉ.વ.૮૩) તા. ૨૩/૪/૨૦૨૪ના રોજ કૈલાસવાસી થયેલ છે. તેમના અવસાનથી મેકડા ગામના લોકોએ તેમના આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

**ડોળાસા**

સ્વ.પખાયબેન પુંજાભાઈ મોરી (ઉ.વ.૮૪) તા. ૨૯/૪/૨૦૨૪ને સોમવારના રોજ કૈલાસવાસી થયેલ છે. તે પુંજાભાઈ વીરાભાઈ મોરીના પત્ની, કરશનભાઈ અને દિલીપભાઈના માતૃશ્રી, અનિરૂધ્ધસિંહ કે. મોરી અને ચેતનસિંહ ડી. મોરીના દાદી, બાલુભાઈ વીરાભાઈ મોરી અને લખમણભાઈ વી. મોરીના ભાભી, દાનાભાઈ બી. મોરી, ગોવિંદભાઈ બી. મોરી અને જીણાભાઈ બી. મોરીના કાકી તેમજ હરિભાઈ જે. મોરી, રામસિંહભાઈ જે. મોરી અને વજુભાઈ એલ. મોરીના મોટાબા થાય છે. તેમનું બેસણુ તા.૨/૫/૨૦૨૪ને ગુરૂવાર કોમ્યુનિટી હોલ ગોંદરા ચોક, ડોળાસા ખાતે રાખેલ છે.

**સંકુલ UG - PG કોલેજ ફી 24-25**

| ધોરણ | છમાસિક-ફી | ધોરણ | છમાસિક-ફી |
|---|---|---|---|
| આર્ટસ કોલેજ P-S-E | ૬૬૦૦ | MA કોલેજ P-S-E | ૮૬૦૦ |
| કોમર્સ કોલેજ EM-GM | ૮૬૦૦ | M.Com કોલેજ EM-GM | ૮૬૦૦ |
| સાયંસ કોલેજ MB-BT | ૧૨૪૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| BCA કોલેજ | ૧૨૪૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| BBA કોલેજ | ૯૩૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad013

॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝીકૂલર બનાવનાર....
SINCE 1990




: ઓથો.ડીલર:
Haier | VOLTAS | Rockwell | HI-FROST | BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....
દુ. ૬/૭- ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

તંત્રી લેખ

# ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં ૨૦૨૪ ની સામાન્ય ચૂંટણી ચાલી રહી છે સાથોસાથ ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ રહી છે. ઓડિશા, આંધ્ર પ્રદેશ અને અરૂણાચલ પ્રદેશ એ ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીનો પ્રચાર પણ ચરમસીમા પર પહોંચ્યો છે. આંધ્ર પ્રદેશની ચૂંટણી બે રીતે મહત્વની છે. પહેલું એ કે, ચંદ્રાબાબુ ફરી બેઠા થાય છે કે નહીં એ જાણવામાં સૌને રસ છે. જગન અને તેની બહેન શર્મિલામાંથી વાય.એસ. રાજશેખર રેડ્ડીનું અસલી રાજકીય વારસ કોણ છે તેનો ફેંસલો આ ચૂંટણી કરશે એવી વાતો થાય છે તેથી લોકોને બંનેમાંથી કોણ જીતે છે એ જાણવામાં પણ રસ છે. આંધ્ર પ્રદેશમાં સાવ પતી ગયેલી કોંગ્રેસને ફરી બેઠી કરવાનો યશ વાય.એસ. રાજશેખર રેડ્ડીને અપાય છે તેથી કોંગ્રેસ શર્મિલા બીજા વાયએસઆર બનશે એવી આશા રાખીને બેઠી છે. રેડ્ડીએ ૨૦૦૪ની ચૂંટણી પહેલાં માથે ફાળિયું બાંધીને, લુંગી પહેરીને આખા આંધ્ર પ્રદેશમાં પદયાત્રા કરી એ પહેલાં ચંદ્રાબાબુનો દબદબો હતો. ચંદ્રાબાબુએ એ વખતે જોરદાર હવા ઉભી કરેલી. ચંદ્રાબાબુ પોતાને આંધ્રના સી.એમ. (ચીફ મિનિસ્ટર) નહીં પણ સી.ઈ.ઓ. ગણાવતા. કોઈ કોર્પોરેટ કંપનીમાં સિસ્ટમેટિકલી વહીવટ ચાલતો હોય એ રીતે આંધ્ર પ્રદેશનો વહીવટ ચાલે છે એવાં ભાષણોને કારણે તેઓ દેશભરમાં છવાઈ ગયેલા. આ વાત ખોટી પણ નહોતી કેમ કે, હૈદરાબાદમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીની મોટી મોટી કંપનીઓને તેડાવીને તેમણે હૈદરાબાદની શિકલ બદલી નાંખેલી. હૈદરાબાદ દેશનું આઈ.ટી. હબ બની ગયેલું ને બીજા રાજ્યોને ઈર્ષા આવે એવી જોરદાર પ્રગતિ હૈદરાબાદે કરેલી પણ રેડ્ડીએ ગ્રામીણ વિસ્તારોમાં ફરી વળીને ૨૦૦૪માં નાયડુને એવા પછાડ્યા કે છેક દસ વર્ષે ફરી બેઠા થઈ શકેલા.

આંધ્ર પ્રદેશ વિધાનસભાની કુલ ૧૭૫ બેઠકોમાંથી ચંદ્રાબાબુએ ૧૦૩ બેઠકો જીતીને સપાટો બોલાવી દીધેલો. જગન મોહન રેડ્ડીની પાર્ટીએ આશ્ચર્યજનક રીતે ૬૭ બેઠકો જીતીને જોરદાર દેખાવ કરેલો. ભાજપે નાયડુના સહારે ૪ બેઠકો જીતેલી જ્યારે કોંગ્રેસે એક પણ બેઠક ના જીતતાં તેની રહી-સહી આબરૂ પણ જતી રહેલી. ચંદ્રાબાબુ ૨૦૧૪માં ફરી મુખ્યમંત્રી બન્યા ત્યારે ભાજપની સાથે હતા. આંધ્રનાં લોકોએ કોંગ્રેસના ભવાડાઓથી થાકીને નાયડુને તક આપેલી પણ એ તક નાયડુ ઝડપી નહોતા શક્યા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં જ તેમણે ભાજપ સાથે છેડો ફાડી નાખેલો ને એકલા લડેલા. એ વખતે વાય.એસ. રાજશેખર રેડ્ડીના દીકરા જગને તેમને કારમી હાર આપેલી. હવે પાંચ વર્ષ પછી ચંદ્રાબાબુ હારી-થાકીને પાછા ભાજપને શરણે આવ્યા છે. નરેન્દ્ર મોદી અને પવન કલ્યાણની લોકપ્રિયતાનો લાભ લઈને જગનને હરાવવા નીકળેલા ચંદ્રાબાબુ માટે કદાચ આ છેલ્લી તક છે. આ વખતે એ વાપસી નહીં કરે તો પછી કદાચ ફરી રાજકારણમાં આવશે કે કેમ તે કહી શકાય તેમ નથી કારણ કે જે એકવાર રાજકારણમાંથી ફેંકાઈ જાય છે તેની ફરી વખત ઘર વાપસી થવી ખૂબ મુશ્કેલ છે.

# ભયાનક યુદ્ધની અગન જ્વાળાઓમાં હોમાતી માનવતા સામે યક્ષ પ્રશ્ન



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

રશિયા અને યુક્રેન યુદ્ધ ચાલી રહ્યું છે, માની ન શકાય તેટલી મોટી જાનહાનિ આ યુદ્ધને કારણે થઈ છે ત્યારે રશિયન લેખકની નવલકથા 'વોર એન્ડ પીસ'ના મહત્વને સમજવાની ખાસ જરૂર છે. આજે દુનિયામાં યુદ્ધનો માહોલ છવાયેલો છે. રશિયા, ઈઝરાઈલ, ઈરાન, ઈરાક સીમાથી ચાઈના સુધીના દેશો એકબીજા સામે હથિયાર ઉગામીને ઊભા છે. દુનિયામાં અડધો ડજન જેટલી જગ્યાએ નાના મોટા યુદ્ધો ચાલી રહ્યા છે. આ યુદ્ધમાં કોને ફાયદો થાય છે તે પ્રશ્ન પછી આવે છે પરંતુ સૌથી મોટો પ્રશ્ન માનવતાનો જ છે. જે રશિયા સૌથી વધુ શસ્ત્રોનો ઉપયોગ યુદ્ધ જીતવા માટે કરે છે એ જ રશિયાના મહાન લેખકે યુદ્ધ અને શાંતિ નામની નવલકથા લખી છે. આ નવલકથાનો સાર આજે સમજવાની જરૂર છે. માત્ર બે દેશો વચ્ચે નહીં પરંતુ બે પક્ષો વચ્ચે પણ શસ્ત્ર વિનાનું શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે અહીં શબ્દનો શસ્ત્ર તરીકે ઉપયોગ થાય છે. ગુજરાતમાં બે જ્ઞાતિઓ વચ્ચેનો વિવાદ વકરતો જાય છે. જે મોટા નેતાઓ છે તે ઘણી વખત વિનય વિવેક ચૂકે છે અને પરિણામે મોટા વિવાદો શરૂ થાય છે અને તે પ્રેસ્ટિજ પોઈન્ટ બની જાય છે. આ એક રાજકીય બાબત છે પરંતુ અડધો ડઝન દેશોમાં જે ભયાનક યુદ્ધ ચાલી રહ્યું છે તેની વાત સૌથી વધુ મહત્વની છે. લિયો ટોલસ્ટોયની નવલકથા 'વોર એન્ડ પીસ' ફરીથી વાંચવા પ્રેરિત કર્યો છે. દુનિયા હજુ રશિયા-યુક્રેન યુદ્ધમાંથી બહાર આવી ન હતી ત્યાં ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું છે. હું ટોલસ્ટોયનો એ અહિંસા કે શાંતિનો સંદેશો શોધી રહ્યો છું, જેણે મહાત્મા ગાંધીને પણ પ્રેરિત કર્યા હતા. 'વોર એન્ડ પીસ'ના કથાનકનો મોટો હિસ્સો નેપોલિયન બોનાપાર્ટના યુરોપ વિજય પર કેન્દ્રિત છે અને જેના કારણે રશિયાના નાગરિકોમાં ચિંતા વધી જાય છે. 'વોર એન્ડ પીસ'માં ટોલસ્ટોયે સંઘર્ષ અને પ્રેમ, જન્મ અને મૃત્યુ, સ્વતંત્ર ઈચ્છા અને વિશ્વાસ જેવા વિષયો ઉઠાવ્યા છે અને એવું લાગે છે કે, જાણે દુનિયા કામયથી જ બે ભાગમાં વહેંચાયેલી છે.

પુસ્તકનું પાત્ર પિયરે કહે છે, 'જ્યાં પણ સરળતા, સારપ અને સચ્ચાઈ નથી, ત્યાં કોઈ મહાનતા ન હોઈ શકે. મારા માટે તો આખી દુનિયા બે ભાગમાં વહેંચાયેલી છે. એક એ છે જ્યાં તમામ ખુશીઓ, આશા, પ્રકાશ છે અને બીજી એ છે જ્યાં તે નથી અને ત્યાં નિરાશા તથા અંધકાર છે...' પ્રથમ ભાગવાળી દુનિયા થોડા સમય માટે કોવિડના સમયે જોવા મળી હતી. તેના પહેલા તો બોમ્બની શક્તિ અને સંખ્યાના આધારે દુનિયા વહેંચાયેલી હતી. કોવિડ પછી દુનિયા ફરી પાછી એવી જ બનતી જઈ રહી છે. જોકે, યુદ્ધમાં ફસાયેલી દુનિયા શાંતિવાળી દુનિયા બનવા માટે શું કરી રહી છે? જે બાળકો મરી રહ્યા છે કે બંધ બનેલા છે. તેમનું શું થશે? શું સરહદ પાર કરતા જ માનવતાનો સવાલ ગૌણ બની જાય છે? એવું નથી લાગી રહ્યું કે, માનવતાનો સવાલ નબળો પડતો જઈ રહ્યો છે? માનવતાનો અર્થ જો શબ્દકોશમાં જોઈએ તો તે મૂલ્ય, જે દુનિયાના તમામ લોકોને એક જ માને અને તે પણ દયા તથા સહાનુભૂતિના મૂલ્યો સાથે. બર્ટ્રાન્ડ રસેલને ૧૯૫૦માં સાહિત્યમાં નોબેલ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. તેમણે તેમના વિવિધ અને વિવિધતાસભર લેખન, જેમાં તેમણે માનવીય આદર્શો અને વિચારોની સ્વતંત્રતાની તરફેણ કરી છે, તેના માટે તેમને આ સન્માન મળ્યું હતું. એ જ વર્ષે ૧૧ ડિસેમ્બરે ૭૮ વર્ષના રસેલે સન્માન લેતા સમયે સ્ટોકહોમ પર મંચ પર માનવ વ્યવહારને સંચાલિત કરતી તમામ ચાર ઈચ્છાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, તમામ માનવીય ગતિવિધિ ઈચ્છાથી પ્રેરિત હોય છે. અહીં મનુષ્ય અન્ય પ્રાણીથી ભિન્ન બની જાય છે. અજગર જ્યારે પૂરતું ભોજન પ્રાપ્ત કરી લે છે તો ઊંઘી જાય છે અને ત્યાં સુધી જાગતો નથી જ્યાં સુધી તેને બીજા ભોજનની જરૂર પડતી નથી. મનુષ્યની ઈચ્છાઓ તો અનંત છે, જે ક્યારેય સંપૂર્ણપણે સંતુષ્ટ થઈ શકતી નથી અને જે સ્વર્ગમાં પણ તેને ચિંતિત રાખે છે. રસેલ દલીલ કરે છે કે, ચાર ઈચ્છાઓમાં સૌથી શક્તિશાળી, સત્તાનો પ્રેમ છે. સત્તા પ્રત્યેનો પ્રેમ ઘણી હદ સુધી ત્રીજી ઈચ્છા વેનિટી કે અભિમાન સમાન છે, પરંતુ તેનાથી ઈઝરાયલ હોય કે પેલેસ્ટાઈન, રશિયા હોય કે યુક્રેન; બધા દેશો સમક્ષ મોટી સમસ્યા આવવાની છે કે, તેઓ પોતાના નાગરિકોને માનવતાના પાઠ કેવી રીતે ભણાવશે? આપણે ભવિષ્યની પેઢી માટે એક શાંતિપૂર્ણ, અહિંસક સમાજ કેવી રીતે બનાવી શકીશું? આ અભિમાન કે વેનિટીને પોતાની સંતુષ્ટિ માટે વધુ પડતા મહિમાની જરૂર હોય છે. સત્તા, અભિમાનની જેમ અતૃપ્ત છે. સર્વશક્તિમ ન નથી. ઓછી કોઈ પણ વસ્તુ તેને સંપૂર્ણપણે સંતુષ્ટ કરી શકતી નથી. તેમના મતે સત્તા પ્રત્યેની આસક્તિ એ બીજી ઈચ્છા દુશ્મનાવટનું પણ પરિણામ હોય છે. આજે યુદ્ધના ગ્લોબલ ડિસઓર્ડરવાળા વાતાવરણમાં સત્તા પ્રત્યે પ્રેમની ઈચ્છાને જ્યાં સુધી માનવતા સાથે સાંકળવામાં આવશે નહીં, ત્યાં સુધી ગાઝાની હોસ્પિટલ પર પડતો બોમ્બ કે ઈઝરાયલમાં નિર્દોષોની હત્યા કરનારા આતંકીઓની જ દુનિયા ચર્ચા કરશે. પરંતુ જે નિર્દોષ મોતને ભેટે છે, પછી તે બાળકો હોય, યુવાન કે વૃદ્ધ, તેમની ઓળખ કોણ કરશે? સવાલ એ છે કે, યુદ્ધમાં જીત કે હાર તો થતી નથી, પરંતુ પોતાના દેશને માનવતાનો ભાગીદાર બનાવવાનું યુદ્ધ કાયમ ચાલતું રહે છે. યુદ્ધ કરતા રહેવાથી આપણે આક્રમક બની જઈએ છીએ, પરંતુ નેપોલિયનની જેમ આપણે પાછા પણ ફરવાનું હોય છે.

યુદ્ધનો અંત હંમેશા સુખદ આવતો નથી, યુદ્ધનો અંત ભયાનક હોય છે આ ભયાનકતાને ઓછી કરવી આજે ખાસ જરૂરી છે. યુદ્ધને કારણે જે લોકો યુદ્ધમાં નથી સામેલ તે લોકોને પણ સહન કરવું પડે છે. મોંઘવારી વધે છે, જીવન જીવવું દોહ્યલુ બને છે આ બધી બાબતો આજે સમજવી જરૂરી છે.

**૨૦૨૪માં વિશ્વના મોટાભાગના લોકશાહી દેશોમાં ચૂંટણીનો માહોલ છે તો બીજી બાજુ અડધો ડઝન જેટલા દેશોમાં ભયાનક યુદ્ધના ઓછાયા ઉતરેલા છે. રશિયા યુક્રેન યુદ્ધ પૂરું નથી થયું ત્યાં ખાડીના દેશો યુદ્ધમાં સામેલ થઈ ચૂક્યા છે.**

## શબ્દ સંજોગ-૧૭૯૩



**આડી ચાવી :**
(૧) ઉત્તરાખંડનો એક જિલ્લો (૪)
(૪) છાજલી (૪)
(૬) નિગ્રહ, સંયમ (૨)
(૭) બીજે અઠવાડિયે તેજ દિવસે (૪)
(૮) મજબૂત અને ટકાઉ નહિ તેવું (૪)
(૧૦) મધ્યપ્રદેશનો એક જિલ્લો (૪)
(૧૩) શક, સંવત (૨)
(૧૪) સોનેરી કે રૂપેરી ટપકી (૨)
(૧૫) સર્વ ધર્મ...... (૪)
(૧૭) વાસ કરવો તે, મુકામ (૨)
(૧૮) એક વનસ્પતિ જેના મૂળનું અથાણું થાય (૪)
(૨૦) નહિ જન્મેલું (૨)
(૨૨) અનુકૂળ વખત-પ્રસંગ (૨)
(૨૪) ઉછાળો, ઊભરો (૨)
(૨૫) વહાણવટી, સુકાની (૩)
(૨૬) પાંદડું, પર્ણ (અ) (૨)
(૨૭) ગપાટો, ગપ (૩)
(૨૯) સોનાના કસનો આંક (૨)
(૩૦) પ્રવાહીથી ભરેલું, તરબોળ (૫)

**ઉભી ચાવી :**
(૧) દાનત, વૃતિ (૩)
(૨) મીઠું (૩) લવાદ સંબંધી (૩)
(૪) પ્રસંગોપાત, કદી કદી (૬)
(૫) માપ, પ્રમાણ (૩)
(૯) સંબંધી તરીકેનો હિસ્સો (૪)
(૧૧) લાકડાંનું પીઢું (૨)
(૧૨) એક પંખી (અ) (૨)
(૧૫) પરાપૂર્વથી ચાલ્યું આવતું (૪)
(૧૬) પરણવા લાયક (૪)
(૧૯) સાથે મળીને થતી વિચારણા (૪)
(૨૦) વિનીત નહિ એવું, અવિનયી (૪)
(૨૧) રકઝક, પંચાત (૨)
(૨૩) કમાડ, બારણું (૩)
(૨૮) સ્ત્રીઓનું એક ઘરેણું (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૨ જવાબ

**આડી ચાવી :** (૧) પક્ષાઘાત (૪) બાઅદબ (૮) ગર કસરતશાળા (૧૧) સાલ (૧૨) રતન (૧૪) શંખ (૧૫) કોર (૧૬) પોંક (૧૭) પાય (૧૮) પરખ (૨૦) રફૂ (૨૨) ડોબું (૨૪) સમ (૨૬) દીન (૨૮) સ્પષ્ટ (૨૯) નોબત (૩૧) તાલવ્ય (૩૨) ળોમક (કમળો).

**ઉભી ચાવી :** (૧) પગભર (૨) ક્ષાર (૩) તક (૪) બારસાખ (૫) અતલ (૬) દશા (૭) બળાત્કાર (૧૦) મૌન (૧૩) તમ્મર (૧૪) શંકર (૧૫) કોયડો (૧૮) પરસ્પર (૧૯) ખસ (૨૧) ફૂદીનો (૨૩) બુંદ (૨૫) મજલ (૨૭) નબળો (૩૦) તમ.

# માર્કેટયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૭૩ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૮૯ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૭૪૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૭૦ |
| બાજરી | ૩૭૫ | ૪૫૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૪૩૫ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૨૩૬ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૨૧૫૫ |
| અડદ | ૧૪૪૦ | ૨૦૪૫ |
| મગ | ૧૫૪૦ | ૧૯૭૦ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૯૫૦ |
| વાલ પાપડી | ૧૫૦૦ | ૨૦૦૫ |
| ચોળી | ૨૧૭૫ | ૨૬૦૧ |
| મઠ | ૧૦૫૦ | ૧૨૦૪ |
| વટાણા | ૧૫૦૦ | ૧૯૩૫ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૧૮ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૨૬૫ |
| તલી | ૨૩૩૦ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૫૪૦ | ૭૨૦ |
| એરંડા | ૧૦૧૫ | ૧૦૮૧ |
| અજમો | ૧૪૫૦ | ૨૭૫૦ |
| સુવા | ૧૦૫૦ | ૧૫૨૮ |
| સોયાબીન | ૮૬૧ | ૮૮૭ |
| સીંગફાડા | ૧૧૨૦ | ૧૫૪૦ |
| કાળા તલ | ૨૯૫૨ | ૩૨૪૯ |
| લસણ | ૧૨૫૦ | ૩૬૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૭૫ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૩૫૦ | ૨૦૧૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૪૫૧ |
| રાય | ૧૧૫૦ | ૧૩૪૦ |
| મેથી | ૯૮૦ | ૧૨૮૪ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૨૫૦ |
| અશેરીયો | ૧૮૮૧ | ૧૮૮૧ |
| કલોંજી | ૩૬૫૦ | ૪૦૫૬ |
| રાયડો | ૯૦૦ | ૯૮૦ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૩૪૦૦ |
| ગુવારનું બી | ૯૯૦ | ૧૦૧૫ |

| રાજકોટ(શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| સાકરટેટી | ૨૩૦ | ૪૨૫ |
| તરબુચ | ૧૦૦ | ૩૨૦ |
| બટેટા | ૩૦૦ | ૫૮૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૬૦ |
| ટમેટા | ૧૬૦ | ૩૧૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| સકરીયા | ૨૩૦ | ૩૮૦ |
| રીંગણા | ૧૨૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૮૦ |
| ભીંડો | ૩૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૯૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૫૦ |
| કારેલા | ૩૫૦ | ૬૫૦ |
| સરગવો | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૬૦૦ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૮૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૧૫૦ | ૩૨૦ |
| બીટ | ૧૫૦ | ૨૬૦ |
| મેથી | ૪૦૦ | ૭૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૯૮૦ | ૨૨૩૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૩૨૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૩૫૦ |
| ગુંદા | ૫૫૦ | ૮૦૦ |

| અમરેલી | | |
|---|---|---|
| કપાસ | ૯૯૦ | ૧૫૧૪ |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૪૨ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| શિંગ ફાડા | ૧૪૫૦ | ૧૫૯૬ |
| તલ સફેદ | ૧૯૬૫ | ૨૭૧૫ |
| તલ કાળા | ૨૭૯૫ | ૨૯૯૦ |
| તલ કાશ્મીરી | ૨૧૬૮ | ૩૩૩૭ |
| બાજરો | ૩૦૧ | ૪૯૦ |
| જુવાર | ૪૪૫ | ૭૯૧ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૭૨ |
| ઘઉં લોકવન | ૪૫૩ | ૬૦૧ |
| ચણા | ૯૫૦ | ૧૨૪૬ |
| ચણા દેશી | ૧૨૫૪ | ૧૩૬૨ |
| તુવેર | ૧૨૧૦ | ૨૦૬૧ |
| એરંડા | ૧૦૨૫ | ૧૦૬૮ |
| જીરું | ૨,૫૦૦ | ૪,૨૯૦ |
| રાયડો | ૯૦૩ | ૯૦૩ |
| રાઈ | ૮૩૦ | ૧૧૪૦ |
| ગમ ગુવાર | ૯૩૫ | ૯૩૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૬૭૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૮૩૦ |
| મેથી | ૬૦૦ | ૯૭૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૮ |
| મરચા લાંબા | ૬૩૦ | ૨૪૧૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૪૨૦ | ૪૮૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૫૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૨૪૦ | ૨૮૦ |
| સુરણ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ગાજર | ૨૧૦ | ૩૧૦ |
| દૂધી | ૧૪૦ | ૨૧૦ |
| કરેલા | ૪૧૦ | ૫૧૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગુવાર | ૩૧૦ | ૬૧૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચોળાશીંગ | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| પાકી કેરી | ૧૪૦૦ | ૨૪૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૪૨૦ |
| આદુ | ૨૪૩૦ | ૨૬૩૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૪૧૦ | ૫૧૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| ગરમર | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૨૦૧૦ | ૨૫૧૦ |
| લસણ સૂકું | ૧૨૧૦ | ૨૮૧૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૬૩૦ | ૨૬૩૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૪૮૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૨૧૪ |
| મગફળી નવી | ૧૨૫૧ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૭૫૧ | ૧૭૫૧ |
| તલ | ૨૬૩૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૩૨૩૦ | ૪,૩૦૦ |
| ઘઉં | ૪૪૫ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૮૬ |
| બાજરો | ૪૨૫ | ૫૩૫ |
| જુવાર | ૪૭૫ | ૭૪૧ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૬૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૩૨૫ |
| તુવેર | ૧૭૫૦ | ૨૦૨૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૮૮ |
| મેથી | ૯૦૦ | ૯૬૦ |
| ધાણા | ૧૧૫૧ | ૧૩૭૧ |
| મકાઈ | ૫૩૫ | ૫૩૫ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૦ | ૧૫૨૦ |
| મગફળી | ૧૧૪૫ | ૧૧૮૫ |
| ઘઉં | ૪૬૬ | ૫૫૪ |
| ચણા | ૧૧૫૧ | ૧૨૩૯ |
| જીરૂ | ૩૭૨૫ | ૪,૩૭૫ |
| મેથી | ૯૪૦ | ૯૮૦ |
| રાઈ | ૯૯૦ | ૧૧૧૦ |

| ધારી | | |
|---|---|---|
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૧૦૫૫ | ૧૨૦૦ |
| ચણા છોલે | ૧૦૫૫ | ૧૨૦૦ |
| ધાણા | ૧૨૯૯ | ૧૪૨૬ |
| એરંડા | ૧૦૬૧ | ૧૦૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| મગફળીફાડા | ૧૩૩૪ | ૧૩૪૫ |
| બાજરો | ૩૬૧ | ૩૬૧ |
| મકાઈ | ૪૨૫ | ૪૨૫ |
| રાઈ | ૧૧૪૫ | ૧૧૪૫ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૧૨૮૭ | ૧૩૮૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૩ | ૧૩૦૦ |
| એરંડા | ૯૩૯ | ૧૦૫૧ |
| જુવાર | ૩૪૫ | ૯૩૭ |
| બાજરી | ૩૬૭ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૮૨૭ |
| મગ | ૧૫૪૩ | ૧૮૨૦ |
| ચણા | ૮૩૨ | ૧૨૫૬ |
| તુવેર | ૧૮૮૦ | ૨૦૬૦ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૨૮૬ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૮ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૩૦૦ |
| નાળીયેર | ૪૭૬ | ૧૪૬૦ |
| મેથી | ૮૨૫ | ૧૦૫૨ |
| તલ કાળા | ૨૮૧૫ | ૨૮૧૫ |
| તલ સફેદ | ૧૯૪૦ | ૨૬૯૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| ચણા દેશી | ૧૨૭૨ | ૧૩૭૫ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૫૨૮ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૫ |
| તુવેર | ૧૭૦૦ | ૧૯૫૦ |
| મગફળી | ૮૦૦ | ૧૨૦૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૧૦ |
| તલ | ૨૦૦૦ | ૨૫૫૦ |
| મેથી | ૭૫૦ | ૯૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૨૨ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૮ |

| ગોંડલ | | |
|---|---|---|
| ઘઉં | ૪૫૦ | ૫૮૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૦૬ |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૨૧ |
| મગફળી જીણી | ૮૯૧ | ૧૪૩૬ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૫૧ |
| શીંગ ફાડા | ૮૦૦ | ૧૫૬૧ |
| એરંડા | ૯૦૧ | ૧૧૦૬ |
| તલ | ૨૪૦૧ | ૨૬૩૧ |
| તલ લાલ | ૨૧૫૧ | ૨૧૫૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૭૧ |
| ઈસબગુલ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| કલોંજી | ૧૫૦૧ | ૩૮૬૧ |
| વરિયાળી | ૧૦૨૧ | ૧૩૩૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૭૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૨૨૬ |
| મરચા | ૭૦૧ | ૩૪૦૧ |
| મરચા સૂ.પટ્ટો | ૬૦૧ | ૪૫૦૧ |
| મ.સૂ.ઘોલર | ૯૯૧ | ૩૩૦૧ |
| ડુંગળી | ૭૧ | ૨૫૬ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૨૭૨ |
| ગુવારનું બી | ૯૫૧ | ૯૫૧ |
| બાજરો | ૩૮૧ | ૪૧૧ |
| જુવાર | ૪૫૧ | ૮૨૧ |
| મગ | ૮૦૧ | ૨૦૧૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૬ |
| વાલ | ૫૦૧ | ૨૦૪૧ |
| અડદ | ૮૧૧ | ૧૯૦૧ |
| ચોળા/ચોળી | ૯૫૧ | ૨૩૫૧ |
| મઠ | ૧૦૨૬ | ૧૦૨૬ |
| તુવેર | ૧૦૦૧ | ૨૩૬૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૭૬ |
| રાયડો | ૮૫૧ | ૯૬૧ |
| રાઈ | ૯૧૧ | ૧૧૯૧ |
| મેથી | ૬૫૧ | ૧૨૯૧ |
| સુવા | ૯૫૧ | ૧૧૩૧ |
| ગોગળી | ૭૫૦ | ૧૧૮૧ |
| કાંગ | ૮૧૧ | ૯૬૧ |
| વટાણા | ૫૯૧ | ૧૨૨૧ |
| ચણા સફેદ | ૧૨૨૧ | ૨૧૭૧ |

| રાજુલા | | |
|---|---|---|
| કપાસ | ૧૧૨૫ | ૧૪૭૭ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ | ૨૪૭૬ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| બાજરો | ૪૧૬ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૭૩ | ૫૬૩ |
| જુવાર | ૪૦૦ | ૮૦૮ |
| મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| મગ | ૧૬૦૧ | ૧૮૫૧ |
| મેથી | ૬૦૦ | ૬૦૦ |
| તુવેર | ૧૮૫૦ | ૧૯૦૧ |
| ચણા | ૮૦૦ | ૧૨૧૮ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| એરંડા | ૧૦૩૧ | ૧૦૩૧ |
| રાઈ | ૯૫૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ધાણા | ૧૩૮૦ | ૧૩૮૦ |

| ખાંભા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૬ | ૧૪૭૦ |
| ઘઉં | ૪૫૬ | ૪૫૬ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ચણા | ૧૧૨૧ | ૧૨૬૧ |
| બાજરો | ૩૦૦ | ૪૫૧ |
| તલ સફેદ | ૨૬૮૫ | ૨૭૭૦ |
| એરંડા | ૧૦૪૧ | ૧૦૫૧ |
| મેથી | ૮૯૧ | ૯૬૧ |
| તુવેર | ૧૫૯૬ | ૧૫૯૬ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૯૧ |
| ચણા | ૧૨૪૬ | ૨૧૨૫ |
| બાજરો | ૩૧૫ | ૩૪૨ |
| તલ સફેદ | ૨૩૪૦ | ૨૪૦૬ |
| મેથી | ૮૯૯ | ૯૧૫ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૨૮ |
| લસણ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| જુવાર | ૪૩૫ | ૫૫૨ |
| મકાઈ | ૪૨૪ | ૪૨૪ |
| ઘઉં ટુકડા | ૩૮૧ | ૫૦૫ |
| તલ કાળા | ૧૬૦૧ | ૧૬૦૧ |

| કોડીનાર | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૮૧૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૫૨ |
| ચણા દેશી | ૧૦૫૦ | ૧૨૫૨ |
| એરંડી | ૯૫૦ | ૧૦૮૬ |
| રાયડો | ૯૪૦ | ૧૦૦૫ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૪૨ |
| મેથી | ૯૦૦ | ૧૦૪૬ |
| સોયાબીન | ૮૨૫ | ૮૯૪ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૨૩ |
| મગ | ૧૫૫૦ | ૨૦૦૧ |
| રાયડો | ૯૪૦ | ૧૦૦૫ |
| બાજરી હા. | ૪૨૫ | ૫૩૫ |
| મગફળી ૩૨ | ૧૧૪૨ | ૧૨૭૧ |
| મગફળી૨૦ | ૧૧૮૨ | ૧૩૧૧ |

| જામનગર | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| જુવાર | ૩૦૦ | ૩૪૦ |
| બાજરો | ૩૬૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૨૦ | ૫૬૫ |
| તુવેર | ૧૩૪૫ | ૨૧૫૦ |
| મેથી | ૮૮૦ | ૧૧૪૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૯૩ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૧૦૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૧૯૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૪ |
| રાયડો | ૮૩૦ | ૧૦૦૦ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૮૫ |
| લસણ | ૮૭૦ | ૨૯૭૦ |
| જીરૂ | ૨,૦૦૦ | ૪,૪૭૦ |
| અજમો | ૨૨૪૦ | ૩૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૭૦ |
| ઈસબગુલ | ૨૦૦૦ | ૨૧૦૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# મહુવાને વધુ લાંબા અંતરની ટ્રેન સેવા આપવામાં કેન્દ્ર સરકાર નિષ્ફળ : જેની ઠુમ્મર





અમરેલી,તા.૨૯

અમરેલી લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર જેનીબેન ઠુમ્મર કોંગ્રેસી આગેવાનો અને ટેકેદારો સાથે લોકસભાના વિસ્તારમાં પ્રવાસ કરી રહ્યાં છે. અમરેલી જિલ્લામાં પ્રવાસ કર્યા બાદ કોંગ્રેસી ઉમેદવાર જેનીબેન ઠુમ્મર મહુવા કોંગ્રેસના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પહોચ્યા હતા. ચૂંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે જેનીબેન ઠુમ્મરે હાજર રહેલા મતદારો અને આગેવાનોની સાથે મહુવા પંથકના પ્રાથમિક પ્રશ્નોની ચર્ચા કરી હતી.જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું કે, મહુવાને રેલવેની સુવિધા મળે અને લાંબા અંતરની પેસેન્જર ટ્રેન મળે તેમ જ રેલવે બોર્ડ પોતાના વિવિધ ઓટો પાટ્‌ર્સનું ઉત્પાદન મહુવા વિસ્તારમાં શરૂ કરે તો આ વિસ્તારના લોકોને રોજગારી મળી શકે એમ છે. આ ઉપરાંત મહુવા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં સારી મેડિકલ સારવાર મળે તે માટે દવાખાના અને રસ્તાઓ અને પાણીની સમસ્યા છે તે દૂર કરવાની અમારી પ્રાથમિકતા રહેશે. આ ઉપરાંત નિવૃત્ત થયેલા કર્મચારીઓને જૂની પેન્શન સ્કીમનો લાભ મળે અને જુની પેન્શન સ્કીમ ફરી શરૂ થાય તેમજ દિવસ-રાત નોકરી કરતા હોમગાર્ડ અને જીઆરડીના જવાનોને પોતાની આજીવિકામાં વધારો થાય તે માટે હોમગાર્ડના જવાનોને રૂા.૭૦૦ દૈનિક તેમજ જીઆરડીના જવાનોને રૂ.૫૦૦ દૈનિક પગાર મળે તેવી અમારી માગણી છે. આ ઉપરાંત આ વિસ્તારની બહેનો ખૂબ મહેનતુ છે ત્યારે આ બહેનોને ગૃહ ઉદ્યોગ મારફત કામ મળે તો આ વિસ્તાર ખૂબ સમૃદ્ધ થઈ શકે તેમ છે. મહુવા વિસ્તારમાં અનેક ધાર્મિક સ્થળો આવેલા છે ત્યારે આ વિસ્તારને સરકાર પ્રવાસન ઉદ્યોગ સાથે જોડે તો લોકોને રોજગારી પણ મળી શકે તેમ છે. અમરેલી જિલ્લામાં સહકારી માળખું ખૂબ મજબૂત છે ત્યારે સહકારી આગવાનોને મારી અપીલ છે કે મહુવા વિસ્તારમાં પણ સહકારી માળખું મજબૂત બને અને લોકોને સહકારી ધોરણે વિકાસ કરવાની તક મળે તે માટે મારા પ્રયત્નો રહેશે. જેનીબેન ઠુમ્મરે સૂર્યબાગ વાડી, ખારી, મોટી જાગધાર અને બગદાણા ખાતે યોજેલી સભામાં ભાવનગર જિલ્લાના કોંગ્રેસના આગેવાનો તેમજ મહુવા ક્ષત્રિય સમાજના આગેવાન નરેન્દ્રભાઈ વાળા ,જીતેન્દ્રભાઈ વાંઝા, રામદેવસિંહ વાળા, રામસિંહ પઢિયાર, દેવરાજસિંહ, કનકસિંહ ચુડાસમા, પ્રતાપસિંહ ગોહિલ, મહાવીરસિંહ ચુડાસમા, રાજદીપસિંહ સરવૈયા ,ભરતસિંહ ગોહિલ, મિલનભાઈ જોશી, રાજભા ગોહિલ, બચુભાઈ પટેલ, કનુભાઈ કલસરિયા, વિજયભાઈ બારીયા, બળદેવભાઈ સોલંકી, કાનાભાઈ વડાળા, નાનુભાઈ વાઘાણી, પ્રવીણભાઈ રાઠોડ, અમિતભાઈ લવતૂકા સહિતના વિશાળ સંખ્યામાં મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**આ પંથકમાં પ્રાથમિક સુવિધાનો સદંતર અભાવ : જેની ઠુમ્મર**

# અમદાવાદના મધુબન કોમ્પ્લેક્સમાં ભીષણ આગ : ૪૫ લોકોનું રેસ્ક્યૂ

અમદાવાદ,તા.૨૯

અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં માદલપુર ગરનાળા પાસે આવેલા મધુબન કોમ્પ્લેક્સના ત્રીજા માળે ભીષણ આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ૧૦થી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. એસીમાં આગ લાગવાના કારણે ધીમે-ધીમે ધુમાડો વધ્યો હતો. જે સમગ્ર કોમ્પલક્સમાં ફેલાઈ ગયો હતો. ફાયર બ્રિગેડની એક ટીમ દ્વારા લોકોનું ધીમે-ધીમે રેસ્ક્યૂ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. કુલ ૪૫ લોકોને નીચે ઉતારવામાં આવ્યા હતા.

# માળીયા હાટીનાના વિદ્યાર્થીઓનો રંઘોળા પાસે અકસ્માત

ભાવનગર,તા.૨૯

જામનગર જિલ્લાના માળીયા-હાટીનાથી કેટલાક પરીક્ષાર્થીઓ ઈકો કાર ભાડે કરી ભાવનગર પરીક્ષા આપવા આવી રહ્યા હતા તે વેળાએ રાજકોટ-ભાવનગર હાઈવે પર રંઘોળા ગામ નજીક કાર-ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાતા ટેમ્પો રોડ સાઈડમાં પલટી ખાઈ જતાં ટેમ્પો ચાલક ઘનશ્યામ અભેસંગ રાઠોડનું ઘટના સ્થળે મોત થયું હતું, જ્યારે કારમાં સવાર રાહુલ ઘોડાસરા, સંજય ઘોડાસરા તથા દેવાંશી સંજય ઘોડાસરાને ગંભીર ઈજા સાથે સારવાર અર્થે સર.ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# સૌરાષ્ટ્રમાં ગાંજો સપ્લાય કરતા મુખ્ય સૂત્રધારને ધોરાજી પોલીસે સુરતથી ઝડપી પાડ્યો

ધોરાજી,તા.૨૯



સમગ્ર રાજ્યમાં નશાકારક ચીજોનો વેપલો કરતાં લોકો પર ગુજરાત પોલીસ ત્રાટકી રહી છે ત્યારે થોડા દિવસો પૂર્વે રાજકોટ જિલ્લા એસઓજી દ્વારા ધોરાજી ખાતે રેડ કરી ૬.૭૫ કિલો ગાંજા સાથે ધોરાજીના એક ઈસમની ધરપકડ કરી હતી. જેની તપાસ ધોરાજી પોલીસ તાલુકા સ્ટેશનનાં અધિકારી વિક્રમસિંહ જેઠવાને સોંપવામાં આવી હતી. આ તપાસના ભાગરૂપે ધોરાજી તાલુકા પોલીસે મુખ્ય સૂત્રધાર વિશે જાણકારી મેળવી બાતમીના આધારે સુરત ખાતેથી સૌરાષ્ટ્રમાં ગાંજો સપ્લાય કરતાં મુખ્ય સૂત્રધારને ઝડપી લીધો હતો. સુરતથી ઝડપાયેલ મુખ્ય સૂત્રધાર આરોપી બિસ્વા બીનાયક કૈલાશ ચંદ્ર ગોડા (ઉં.વ. ૧૯ મૂળ રહેવાસી મકબર પુર ઓરિસ્સા) વાળાને સુરત ખાતેથી ઝડપી ધોરાજી પોલીસ સ્ટેશન ખાતે લાવી સમગ્ર સૌરાષ્ટ્રમાં કઈ કઈ જગ્યા પર નશાકારક ગાંજાનું વેચાણ કરતો હતો તે બાબતને લઈ પોલીસ દ્વારા પૂછપરછ અને વિશેષ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાક. જેલમાં બંધ ગીર સોમનાથના માછીમારે પત્રમાં વર્ણવી દર્દભરી વ્યથા

જેલમાં સબડી રહેલા ૧૫૦ જેટલા માછીમારોને સરકાર તુરંત છોડાવે તેવી પરિવારજનોની માંગ

કોડીનાર તા.૨૯



પાકિસ્તાનની લાડી જેલમાં કેદ ગીર સોમનાથનાં માછીમારે માદરે વતન પત્ર લખી જેલની આપવીતી વર્ણવી હતી. ભારતીય માછીમારોની સ્થિતિ વર્ણવતો પત્ર વાંચી માછીમાર મહિલાઓ ચોધાર આંસુએ રડી પડી હતી. પાક જેલમાં બંધ ભારતીય માછીમારોની પરિસ્થિતિ દયનીય છે. પાકિસ્તાનની લાડી જેલમાં ભારતનાં આશરે ૧૭૫ થી વધારે માછીમારો કેદ છે. જેમાં મોટા ભાગના માછીમારો ગીર સોમનાથ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોના છે. આ માછીમારો પૈકી અનેક માછીમારો ચાર વર્ષ તો કોઈ એક વર્ષથી કેદ છે. આ માછીમારોમાં કોડીનારના કોટડા ગામના ૧૩ માછીમારો કરાચીની લાડી જેલમાં છે. જે પૈકીના મુકેશ નામના માછીમારે પત્ર લખી પોતાના પરિવારને વોટ્સએપનાં માધ્યમથી મોકલ્યો છે. પત્રમાં કરાચીની લાડી જેલમાં ભારતીય માછીમારોની જે દુર્દશા છે તે વાંચી પરિવારજનો ચોધાર આંસુએ રડી પડ્યા અને ચિંતિત બન્યા છે.

**અનેક લોકોને દિલની બીમારી**

છેલ્લા ૩ વર્ષમાં પાકે. પકડેલા માછીમારો કરાચીની લાડી જેલમાં સબડી રહ્યા છે. જેને તાત્કાલિક મુક્ત કરાવવામાં આવે તેવી માંગ પત્રમાં કરવામાં આવી છે. પત્ર મુજબ, અમે જેલમાં ભૂખ હડતાળ પર બેઠા, અમને કોઈને મળવા નથી દેવાતા, કોઈ ઉચ્ચ અધિકારી જેલની મુલાકાતે આવે તો અમને છુપાવી દેવામાં આવે છે. અનેક લોકોને દિલની બીમારી છે. કોઈને માનસિક બીમારી છે તો બે માછીમારોએ સુસાઈડ કરવાનો પ્રયત્ન પણ કર્યો હતો. આવી અનેક વાતો પાક જેલમાં બંધ માછીમારે પોતાના પત્રમાં વર્ણવી છે.


**CHANGE OF NAME**

I Undersigh I
**TALAVIYA ASHISHKUMAR ARJANBHAI**
have changed my name from
**TALAVIYA AHISHKUMAR ARJANBHAI** to
**TALAVIYA ASHISHKUMAR ARJANBHAI (New)**
Now i will be known as **TALAVIYA ASHISHKUMAR ARJANBHAI (New)**

sigh : **TALAVIYA ASHISHKUMAR ARJANBHAI**
address : **AT-PIRKHIJADIYA, DIS- AMRELI-365 410**


# સ્વ. ચંદુભાઈ સંઘાણીની દ્વિતીય પુણ્યતિથિએ વિવિધ સેવાકીય કાર્ય

અમરેલી,તા.૨૯




અમરેલીમાં સેવાનો ભેખ ધારણ કરનાર અને સેવા માટે અનેક લોકોને પ્રેરણા આપનાર સ્વ. ચંદુભાઈ સંઘાણીની દ્વિતીય પુણ્યતિથિએ વિવિધ સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા.

સેવા ટ્રસ્ટના સ્થાપક સ્વ. ચંદુભાઈ સંઘાણીની પુણ્યતિથિએ ગત તા.૨૮ના રોજ જીવરાજ મહેતા ચોક, રાજકમલ ચોક અમરેલી ખાતે ચકલીઓ માટે ચકલીઘર અને છાશ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. ચંદુભાઈ સંઘાણીની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સંઘાણી પરિવાર દ્વારા સારહિ તપોવન આશ્રમ ખાતે તપસ્વીઓ સાથે ભોજનનું આયોજન તેમજ મારૂતી ધૂન મંડળ જેશીંગપરા દ્વારા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે, સારહિ યુથ ક્લબના સભ્યો અને આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા.






# લોકસભાની ચૂંટણી પૂર્વે જિલ્લા કોંગ્રેસમાં ગાબડુ



અમરેલી,તા.૨૯

અમરેલીમાં કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. અમરેલી જિલ્લા કોંગ્રેસ અનુ. જાતિ મોરચાના ઉપપ્રમુખ અને જશવંતગઢના પૂર્વ ન્યાય સમિતિના સદસ્ય સુરજભાઈ પરમાર અને અર્પણભાઈ પરમાર વિધિવત રીતે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની આગેવાનીમાં કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા.

# રાજયની શાળાઓમાં વેકેશન જાહેર

અમરેલી,તા.૨૯

સંયુક્ત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, શાળાકિય કેલેન્ડર મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ઉનાળુ વેકેશન તા.૬ મેથી ૯ જૂન સુધી જાહેર કરવામાં આવ્યું હતું. જેથી હવે ઉપરોકત તારીખોમાં ફેરફાર કરીને તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન તા.૯ મેથી તા.૧૨ જૂન-૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવે છે. આ બાબતે તમામ શાળાઓને જાણ કરવામાં આવી છે.


**-જાહેર નોટીસ-**

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી- કોડીનારની કચેરી**

તા.૨૯/૪/૨૦૨૪

વિવાદી... (**અરજદાર**):- ચુડાસમા નાગજીભાઈ લાખાભાઈ
રહે.દામલી, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ

**-::વિરૂધ્ધ::-**

પ્રતિવાદી... (**સામાવાળા**):- શ્રી તલાટી કમ મંત્રી સાહેબ-દામલી,
મુ. દામલી, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ

**બાબત : જન્મ / મરણ નોંધ અધિનિયમ કલમ ૧૩(૩) મુજબ જન્મ / મરણ નોંધ થવાનો હુકમ કરવા બાબત**

આથી જાહેર જનતાને અને નોટીસથી જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ચુડાસમા નાગજીભાઈ લાખાભાઈના પિતાશ્રી નામે લાખાભાઈ રામભાઈ ચુડાસમાનુ અવસાન મોજે દામલી મુકામે મારા નિવાસ સ્થાને તા.૦૧/૦૨/૧૯૭૫ (પહેલી ફેબ્રુઆરી ઓગણીસો પંચોતેર ) ના રોજ થયેલ છે.જેઓના મરણની નોંધણી શરતચુકથી જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ છે.જેથી તેઓની મરણનુ પ્રમાણપત્ર દામલી ગ્રામ પંચાયત, દામલી, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ કાઢી આપે તેવો હુકમ કરવા અરજદારએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી/ઉના ડેપ્યુટી ખાતે જન્મ-મરણ/કેસ/રજી.નં ૧૧૨/૨૦૨૪ થી દાખલ કરેલ છે. જેથી આ બાબતે કોઈપણ ઈસમને, સંસ્થા કે વ્યકિતનેસદર દાખલોઆપવાસામેવાંધો,તકરારહોયતોતેઓએજાતેઅથવાવકિલમારફતે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી/ઉના ડેપ્યુટીમાં નોટીસ થયેથી દિન-૩૦ માં વાંધોકેતકરારરજુ કરીશકે અન્યથા ન્યાયના હીતમાં હુકમ કરવામાં આવશે તેમ જણાવેલ છે.

કોર્ટનો સિક્કો

સહિ,
એકવોકેટ
રાવલ વિમલનાથ વિ.

**આગામી પાંચ દિવસ સુધી ૧૨ જિલ્લાઓનું તાપમાન મહત્તમ રહેવાની હવામાન વિભાગની ચેતવણી**

# ઉત્તરથી લઈ દક્ષિણ ભારત સુધી ગરમીનો કાળો કહેર, ક્યાંક છુટાછવાયા વરસાદની આગાહી

### કેરળમાં ભારે ગરમીને કારણે મહિલા સહિત બેના મોત નિપજ્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૯

મેદાની વિસ્તારોથી દક્ષિણ ભારત સુધી પ્રચંડ ગરમી પડી રહી છે. ઘણા રાજ્યોમાં લૂનો કહેર જોવા મળી રહ્યો છે. યૂપી બિહારથી માંડીને પશ્ચિમ બંગાળ સુધી લૂનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો બીજી તરફ કેરળમાં ભારે ગરમીની ચપેટમાં આવી જતાં બે લોકો બીમાર થઈ ગયા અને તેમનું મોત નિપજ્યું છે. મહારાષ્ટ્રની વાત કરીએ તો બીજી તરફ સોલાપુરમાં પારો ૪૩ ડિગ્રી સેલ્સિયસને પાર જતો રહ્યો અને સૌથી ગરમ દિવસનો રેકોર્ડ નોધાયો છે. આ દરમિયાન કેટલીક જગ્યાઓ પર વરસાદના અણસાર છે.



સ્કાઈમેટ વેધર રિપોર્ટ અનુસાર આગામી ૪૮ કલાકમાં લદ્દાખ, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુજફ્ફરબાદના ઘણા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે તો કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. તો બીજી તરફ ઉત્તરાખંડમાં હળવા વરસાદની સંભાવના છે. અરૂણાચલ પ્રદેશમાં પણ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. ઉત્તર-પૂર્વ ભારતમાં પણ એક-બે જગ્યાએ છૂટાછવાયા હળવા વરસાદની સાથે મધ્યમ વરસાદ પડી શકે છે. વિદર્ભ, મરાઠવાડા, છત્તીસગઢ, તેલંગાણા અને દક્ષિણ ઓડિશાના ભાગોમાં વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે. તો બીજી તરફ પંજાબના ઉત્તરીય ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે છૂટાછવાયા કરા પડી શકે છે. ઉત્તર હરિયાણા અને ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનમાં હળવો વરસાદ અને તોફાન થવાની શક્યતા છે. કેરળમાં પણ હળવો છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે કહ્યું કે દિલ્હીમાં ભેજનું પ્રમાણ ૨૧ ટકા હતું. આઈએમડીએ આંશિક વાદળછાયું આકાશ રહેવાની આગાહી કરી છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર દિલ્હીમાં એકયુઆઇ ૧૬૫ હતો, જે મધ્યમ કેટેગરીમાં આવે છે.



## પ્રધાનમંત્રી તરીકે મોદી આવતા જ મારા લગ્ન અટક્યા : પાક.મૌલવીનો આરોપ

ઈસ્લામાબાદ,તા.૨૯

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક પાકિસ્તાની ધર્મગુરુ ભારતીય યુવતી સાથેના લગ્ન તોડવા માટે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આરોપ લગાવી રહ્યો છે. વાયરલ વીડિયોમાં પાકિસ્તાની ધર્મગુરુ કહી રહ્યો છે કે, ‘મારા લગ્ન ભારતમાં થતા થતા રહી ગયા, દિલ કે અરમાં આંસુઓંમેં બહે ગયે..ઉનકે બચ્ચે હમકો મામુ કહે ગયે. મારો સંબંધ નક્કી થવાનો હતો પણ મોદીની સરકાર આવી ગઈ એટલે ના અહીંયા વિઝા મળી શક્યા કે ના ત્યાં. પછી મેં નક્કી કર્યું કે આટલી લાંબી રાહ અમે જોઈ ના શકીએ. આ જૂની વાત છે જયારે મોદી સરકાર નવી નવી આવી હતી. મારો સંબંધ નક્કી થવાનો હતો. પછી વિચાર્યું કે આગળની ચૂંટણી પછી વિચારીશું, પણ ફરી ચૂંટણીમાં મોદી સાહેબ આવી ગયા. મોદી જવાબદાર છે એક જગ્યાએ મારો સંબંધ તોડાવવા માટે પછી અમે પણ વિચાર્યું કે હવે ૧૦ વર્ષ કોણ રાહ જોવે.

## હાવર્ડ યુનિ.માં દેખાવકારોએ અમેરિકાના ધ્વજની જગ્યાએ પેલેસ્ટાઈન ધ્વજ મુકયો

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૯

હમાસ અને ઈઝરાયેલ છેલ્લા છ મહિનાથી યુદ્ધ લડી રહ્યા છે. હમાસને ખતમ કરવાનો ઈઝરાયેલનો નિર્ણય ગાઝા પટ્ટીના લોકો પર ભારે પડી રહ્યો છે. ગાઝામાં ઉભી થયેલી માનવીય પરિસ્થિતિને લઈને અમેરિકામાં ગુસ્સો વધી રહ્યો છે. દેશભરમાં લોકો ઈઝરાયલનો વિરોધ કરી રહ્યા છે. કોલેજ કેમ્પસમાં પણ આ વિરોધ પ્રદર્શન ચાલુ છે. પોલીસે સપ્તાહના અંતે લગભગ ૨૭૫ લોકોની ધરપકડ કરી હતી.



અમેરિકન યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈન તરફી દેખાવો ઉગ્ર બન્યા છે. અહીં પોલીસની કાર્યવાહી અને ધરપકડ બીજા અઠવાડિયા સુધી ચાલુ રહી. હાર્વર્ડ યુનિવર્સિટીના દેખાવકારોએ પેલેસ્ટિનિયન ધ્વજ મૂક્યો જ્યાં અમેરિકન ધ્વજ હતો. આ ઉપરાંત વ્હાઈટ હાઉસના પત્રકારો માટે હિલ્ટન હોટેલમાં ભોજન સમારંભ યોજાનાર હતો. જો બિડેન અહીં રાત્રિભોજનને સંબોધશે તેવી અપેક્ષા હતી. કાર્યક્રમ પહેલા પેલેસ્ટિનિયનોનું સમર્થન કરતા લોકો અહીં પહોંચી ગયા હતા. તેમાંથી કેટલાકે હોટેલના ઉપરના માળે એક પેલેસ્ટિનિયન ધ્વજ લગાવ્યો હતો. દેખાવકારોએ પેલેસ્ટિનિયન કેફિયેહ અને તરબૂચના પ્રતીકોવાળા કપડાં પહેર્યા હતા. તેઓએ વોશિંગ્ટન હિલ્ટનની બહાર ફ્રી પેલેસ્ટાઈનના નારા લગાવ્યા. એમ પણ કહ્યું કે અમે કવરેજની માંગ કરીએ છીએ. પ્રદર્શનકારીઓએ કહ્યું કે આ પ્રદર્શન ઈઝરાયેલ અને ગાઝા વિશે વધુમાં વધુ સમાચાર બતાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી રહ્યું છે.

## મધ્ય કાશ્મીરના સોનમર્ગ વિસ્તારમાં વાહન નદીમાં ખાબકતા પાંચના મોત, અનેક લાપતા

(એ.આર.એલ),જમ્મુ,તા.૨૯

મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના સોનમર્ગ વિસ્તારમાં સોમવારે બીજા દિવસે પણ બચાવ કાર્ય ચાલુ રહ્યું હતું. નવ મુસાફરોને લઈ જતું એક વાહન રવિવારે સાંજે અહીં સિંધ નદીમાં પડ્યું હતું. અકસ્માતમાં વાહનમાં મુસાફરી કરી રહેલા છ લોકો ગુમ થયા હતા, જ્યારે ત્રણનો આબાદ બચાવ થયો હતો. આમાંથી અત્યાર સુધીમાં પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. એકની શોધ ચાલી રહી છે. કહેવાય છે કે રવિવારે શ્રીનગર-લેહ હાઈવે પર એક ટવેરા વાહન નવ લોકોને લઈને જઈ રહ્યું હતું. ત્યારબાદ વાહન ગગનગેર વિસ્તારમાં સિંધ નદીમાં ખાબક્યું હતું. રેસ્ક્યુ ટીમ દ્વારા ત્રણ લોકોને તાત્કાલિક બચાવી લેવામાં આવ્યા હતા જ્યારે અન્ય છ લોકો ગુમ થઈ ગયા હતા.



બચાવાયેલા ત્રણેય મુસાફરોને ગુંડ પીએચસીમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. ગુમ થયેલા લોકોની શોધખોળ ઝડપથી હાથ ધરવામાં આવી હતી.



## કોવિડ-૧૯માં એન્ટિબાયોટિક્સના આડેધડ ઉપયોગથી લાખો લોકો પ્રભાવિત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૯

વર્ષ ૨૦૨૦ દરમિયાન સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની લહેર હતી, જેના કારણે લાખો અને કરોડો લોકો પ્રભાવિત થયા હતા. તે દરમિયાન આ રોગચાળાએ લાખો લોકોના જીવનનો નાશ કર્યો હતો.

આ ચેપી રોગને લઈને એક રિપોર્ટ સામે આવ્યો છે, જે ચોંકાવનારો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને એક રિપોર્ટ જાહેર કર્યો છે. આ મુજબ, વિશ્વભરમાં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન એન્ટિબાયોટિક્સના આડેધડ ઉપયોગથી એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સનો ફેલાવો વધુ ખરાબ થયો છે. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે લગભગ ૭૫ ટકા કોવિડ દર્દીઓ સારવાર માટે એન્ટિબાયોટિકનો ઉપયોગ કરે છે, જ્યારે માત્ર ૮ ટકા એવા દર્દીઓ હતા જેમને એન્ટિબાયોટિક્સની જરૂર હતી. એએમઆરએ ટોચની વૈશ્વિક જાહેર આરોગ્ય ચિંતાઓમાંની એક છે. તે લગભગ ૧.૨૭ મિલિયન મૃત્યુ માટે સીધું જવાબદાર હતું અને ૨૦૧૯ માં વિશ્વભરમાં ૪.૯૫ મિલિયન (૪૯ લાખ) મૃત્યુમાં ફાળો આપ્યો હતો.

**ઈન્દોરની સીટ માટે ભાજપનો રસ્તો સાફ**

## મધ્યપ્રદેશમાં પણ ‘સુરતવાળી’ : કોંગ્રેસના ઉમેદવાર નામાંકન ખેંચી ભાજપમાં જોડાયા

(એ.આર.એલ),ઈન્દોર,તા.૨૯

મધ્યપ્રદેશમાં કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. ઈન્દોર લોકસભા સીટ પરથી પાર્ટીના ઉમેદવાર અક્ષય કાંતિ બામે પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું છે. એટલું જ નહીં કોંગ્રેસ છોડીને અક્ષય કાંતિ ભાજપમાં જોડાઈ ગયા છે. બીજેપીના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ આ જાણકારી આપી છે. કૈલાશ વિજયવર્ગીયએ અક્ષય બમ સાથે



સેલ્ફી શેર કરતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, ઈન્દોરથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર અક્ષય કાંતિ બમ ભાજપમાં જોડાઈ ગયા છે. તમને જણાવી દઈએ કે ઈન્દોર લોકસભા સીટ પર ચૂંટણી માટે ૨૫ એપ્રિલ સુધી નામાંકન ભરવામાં આવ્યું હતું. ૨૯મી એપ્રિલે નામાંકન પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. કોંગ્રેસને કોઈ સમાચાર મળે તે પહેલા કૈલાશ વિજયવર્ગીયએ આ ઓપરેશન પાર પાડ્યું હતું. ઈન્દોરમાં લોકસભા ચૂંટણી માટે ૧૩ મેના રોજ મતદાન થશે અને ૪ જૂને મતગણતરી પૂર્ણ થશે. મિની મુંબઈ એટલે કે મધ્યપ્રદેશના ઈન્દોરથી કોંગ્રેસના લોકસભા ચૂંટણીના ઉમેદવાર અક્ષય કાંતિ બામે ૨૪ એપ્રિલના રોજ ઉમેદવારી નોંધાવી હતી.

**મુચકુંદ ગુફા જૂનાગઢના મહંત અને પંચ દશનામ જુના આખાડાના**

## મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરીજી ભારતનાં સૌથી નાની વયે જગતગુરૂ બન્યા

જુનાગઢ, તા.૨૯

શ્રી પંચ દશનામ જુના અખાડા જૂનાગઢ મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરીજી મહારાજ અને જૂનાગઢ ભવનાથ દામોદર કુંડ પાસે આવેલ મુચકુંદ ગુફાના મહંતને અલ્હાબાદ પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંગમની પવિત્ર ભૂમિ પર જગદગુરુની પદવી એનાયત કરવામાં આવી હતી. કાશી સુમેરુ પીઠાધીશ્વર



જગદગુરુ નરેન્દ્રનંદ સરસ્વતી મહારાજ, ગર્ગાચાર્ય પીઠ શ્રીમહંત હરિગીરી મહારાજ, મહંત પ્રેમગીરી મહારાજ, મહંત નારાયણગીરી મહારાજે મહેન્દ્રાનંદગીરી મહારાજને પદવી એનાયત થવા પર શુભેચ્છા પાઠવી હતી.



## ભારતીય શેરબજાર સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં મજબૂત ઉછાળા સાથે બંધ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૯

ખાનગી અને જાહેર ક્ષેત્રના બેન્કીંગ શેરો સહિત પીએસયુ શેર્સમાં જોરદાર ખરીદીને કારણે ભારતીય શેરબજાર સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં મજબૂત ઉછાળા સાથે બંધ થયું છે. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૯૩૮ પોઈન્ટના ઉછાળા સાથે ૭૪,૬૬૮ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૨૩ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨,૬૪૩ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે ભારતીય શેરબજારનું માર્કેટ કેપ ફરી એકવાર નવી ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યું છે. બીએસઈ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૦૬.૫૯ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૦૪.૦૯ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. આજના ટ્રેડિંગમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨.૫૦ લાખ કરોડનો ઉછાળો આવ્યો છે. આજના કારોબારમાં બેન્કીંગ સેક્ટરના શેરોના કારણે બજાર તેજ હતું.

### જયપુર, ગોવા સહિતના એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાના ઈ-મેઈલથી હડકંપ



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૯

ફરી કોઈકે બોંબથી એરપોર્ટ્સને ઉડાવી મૂકવાની ધમકી આપી છે. દેશમાં સોમવારે જયપુર, નાગપુર, ગોવા સહિતના ઘણા એરપોર્ટ્સને બોંબથી ઉડાવી મૂકવાનો ઈમેલ આવતા હડકંપ મચ્યો હતો. સોમવારે સવારે નાગપુર એરપોર્ટ ડાયરેક્ટર આબિદ રુઈના ઈમેલ પર આવો ધમકીભર્યો ઈમેઈલ આવ્યો હતો. ત્યાર બાદ એરપોર્ટ્સની સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટી દ્વારા નાગપુર પોલીસને ફરિયાદ કરવામાં આવતાં તપાસ શરુ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હજુ બે દિવસ પહેલાં એટલે ૨૭ એપ્રિલે પણ રાજસ્થાનના જયપુરમાં આવેલા એરપોર્ટને ઉડાવી મૂકવાની ધમકી મળી હતી.

## પં.બંગાળ સરકારને લાગ્યો ‘સુપ્રીમ’ ઝટકો સંદેશખાલીમાં સીબીઆઈ તપાસ ચાલુ રહેશે




(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૯

સંદેશખાલીમાં મહિલા ઉત્પીડનના કેસમાં પશ્ચિમ બંગાળની મમતા સરકારને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે સીબીઆઈ સંદેશખાલી કેસની તપાસ ચાલુ રાખશે. હાલમાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશ પર કોઈ સ્ટે મુક્યો નથી. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે, રાજ્ય સરકાર વ્યક્તિના હિતની સુરક્ષા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કેવી રીતે કરી શકે છે. વાસ્તવમાં, મમતા સરકારે કલકત્તા હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં સંદેશખાલીમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધો અને જમીન હડપ કરવાના આરોપોની સીબીઆઈ તપાસ કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

**અભિનેત્રી કેટલાક મિત્રો સાથે રેસ્ટોરન્ટમાં આવી હતી**

## અભિનેત્રી કાજોલ રેસ્ટોરન્ટમાં પ્રશંસક સાથે ખરાબ વર્તન કરતા ટ્રોલ થઈ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૯

કાજોલે તેની ફિલ્મી કરિયરમાં અલગ-અલગ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે. તેની ડેબ્યુ ફિલ્મ ‘બેખુદી’ થી લઈને અત્યાર સુધી ઓટીટી સુધી તેણે દર્શકોનું ઘણું મનોરંજન કર્યું છે. પોતાની પ્રોફેશનલ લાઈફ સિવાય એક્ટ્રેસ પોતાની પર્સનલ લાઈફને લઈને પણ અવારનવાર ચર્ચામાં રહે છે. હાલમાં જ અભિનેત્રી વિશેની એક પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે, જેના માટે તેની ખૂબ ટીકા થઈ રહી છે.



કાજોલના પ્રશંસકો હવે અભિનેત્રીને ટ્રોલ કરવામાંથી પાછળ નથી રહી રહ્યા. એક પ્રશંસકે ખુલાસો કર્યો કે અભિનેત્રીએ તાજેતરમાં એક રેસ્ટોરન્ટમાં તેના એક ચાહક સાથે ખરાબ વર્તન કર્યું હતું. ફેન જુહુની એક હાઈ-એન્ડ રેસ્ટોરન્ટમાં વેઈટર તરીકે કામ કરતો હતો. એક યુઝરે ખુલાસો કર્યો કે તેનો ભાઈ કાજોલનો મોટો ફેન છે અને તેની બધી ફિલ્મો વારંવાર જુએ છે. ગઈકાલે કાજોલ તેના કેટલાક મિત્રો સાથે તે રેસ્ટોરન્ટમાં આવી હતી જ્યાં તે કામ કરતો હતો, તે ખૂબ જ ખુશ હતો. “સામાન્ય રીતે તેને બેકએન્ડ ડ્યુટી મળે છે કારણ કે તે નંબરો સાથે સારો છે, પરંતુ રાત્રિભોજન સમાપ્ત થયા પછી તેઓ તેને બીલ હેન્ડલ કરવા દે છે,” વપરાશકર્તાએ કહ્યું. યુઝરે આગળ કહ્યું, “તે માત્ર એટલું જ કહેવા માંગતો હતો કે કાજોલનું આગમન તેના માટે એક સપનાથી ઓછું ન હતું અને તે તેના ભવિષ્ય માટે તેણીને શુભકામનાઓ આપવા માંગતો હતો.

**સર્વેને પૂર્ણ કરવા માટે વધારાનો સમય મળે તો મહત્વના પુરાવાઓ બહાર આવી શકે છે**

## ASI એ ભોજશાળા મંદિર-કમલ મૌલા મસ્જિદ સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ પુરૂ કરવા વધુ સમય માંગ્યો

(એ.આર.એલ),ઈન્દોર,તા.૨૯

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચ સોમવારે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ)ની અરજી પર સુનાવણી કરે તેવી શક્યતા છે, જેમાં રાજ્યના ધાર જિલ્લામાં ભોજશાળા મંદિર-કમલ મૌલા મસ્જિદ સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે વધુ આઠ અઠવાડિયાનો સમય માંગવામાં આવ્યો હતો. હિંદુ પક્ષે દાવો કર્યો




છે કે જો એએસઆઈને ધારની ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ સંકુલમાં ચાલી રહેલા સર્વેને પૂર્ણ કરવા માટે વધારાનો સમય મળે તો મહત્વના પુરાવાઓ બહાર આવી શકે છે જે આ વિવાદિત સ્મારકની વાસ્તવિકતા છતી કરે છે. એએસઆઈ, જે આ વિવાદિત મધ્યયુગીન સંકુલમાં એક મહિના કરતાં વધુ સમયથી સર્વે કરી રહ્યા છે, તેણે કવાયત પૂર્ણ કરવા માટે હાઈકોર્ટની ઈન્દોર બેંચ પાસે આઠ અઠવાડિયાના વિસ્તરણની માંગ કરી છે. આ સંદર્ભમાં દાખલ કરાયેલી અરજીમાં એએસઆઈએ જણાવ્યું હતું કે સંકુલના માળખાના ખુલ્લા ભાગોની પ્રકૃતિને સમજવા માટે હજુ થોડો સમય જોઈએ.

## દિલ્હીએ કોલકતા નાઈટ રાઈડર્સને જીતવા માટે ૧૫૪ રનનો ટાર્ગેટ આપ્યો

કોલકતા, તા.૨૯

આઈપીએલમાં દિલ્હી અને કોલકતા વચ્ચે ચાલી રહેલ મેચમાં દિલ્હીએ પ્રથમ બેટીંગ કરતા ૧૫૪ રનનો ટાર્ગેટ આપ્યો છે. ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા કેપિટલ્સે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૫૩



રન બનાવ્યા હતા. જેમાં કુલદીપ યાદવ સૌથી હાઈસ્કોરર રહ્યો હતો. તેણે ૨૬ બોલમાં અણનમ ૩૫ રન બનાવ્યા, જ્યારે કેપ્ટન રિષભ પંતે ૨૭ રનનું યોગદાન આપ્યું. KKR તરફથી વરુણ ચક્રવર્તીએ ૩ જ્યારે વૈભવ અરોરા અને હર્ષિત રાણાએ ૨-૨ વિકેટ લીધી હતી. મિચેલ સ્ટાર્ક અને સુનીલ નારાયણને એક-એક વિકેટ મળી હતી.

# બગસરા બાયપાસ નજીક ખાનગી બસ પલટી જતા મહિલા સહિત બેના મોત



બગસરા, તા.૨૯

અમરેલી જિલ્લાના બગસરા-જેતપુર હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ જતી ખાનગી બસના ચાલકે અચાનક સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતાં બસ પલટી ખાઈ ગઈ હતી. જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે ૧૬થી વધુ લોકો ઘાયલ થતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ આ બસમાં કુલ ૩૫ લોકો સવાર હતા અને એ કંકુપગલાના પ્રસંગમાં હાજરી આપીને પરત આવી રહ્યા હતા. આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ અમરેલીથી ૩૫ મુસાફરો ભરી શ્યામ ટ્રાવેલ્સની બસ



વિસાવદરના ઈશ્વરીયા જઈ રહી હતી, ત્યારે બગસરા-જેતપુર હાઈવે પર બગસરા શહેરથી ત્રણ કિલોમીટર દુર બસના ચાલકે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવી દેતા બસ પલટી ગઈ હતી. જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે ૧૬થી વધુ લોકો ઘાયલ થતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટના સમયે જૂનાગઢ અને અમરેલી ઈલેક્શન ઓબ્ઝર્વર આઈપીએસ અધિકારી નઝીમ ભાસીન અહીંથી પસાર થઈ રહ્યા હતા. જેમણે તાત્કાલિક ગાડી ઉભી રાખી કેટલાક વધુ ઈજાગ્રસ્ત લોકોને ઝડપથી સારવાર મળે તે માટે તુરંત હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્યારબાદ બગસરા પી.આઈ. કે.બી.જાડેજાએ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. સ્થાનિકો અને પોલીસ તંત્રએ ઈજાગ્રસ્ત લોકોને ૧૦૮, અન્ય એમ્બ્યુલન્સ મારફતે જૂનાગઢ, બગસરા અને અમરેલીની અલગ અલગ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. આ અકસ્માત સર્જાતા હાઈવે પર ટ્રાફિકજામ થઈ ગયો હતો, જેને પોલીસે ખુલ્લો કરાવીને અકસ્માત સર્જનાર ડ્રાઈવરને રાઉન્ડઅપ કર્યો હતો. આ અકસ્માતની ઘટનામાં બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. જેમાં ૬૦ વર્ષીય ગીતાબેન હસમુખભાઈ રૂડાણી અને આરતીબેન હિરેનભાઈ રૂડાણીનો સમાવેશ થાય છે અને બાળકો, મહિલાઓ, યુવાનો સહિત ૧૬ જેટલા લોકોને નાના મોટી ઈજાઓ પહોંચી છે.

## અમદાવાદથી મુંબઈ જતી ટ્રેનના દરવાજા સુરતમાં ખુલ્યા જ નહી



અમદાવાદ,તા.૨૯

અમદાવાદથી મુંબઈ જતી વંદે ભારત ટ્રેન સુરત સ્ટેશન ઉપર સવારે પહોંચી હતી. વંદે ભારત ટ્રેન અંદાજે ૮.૨૦ વાગ્યે સુરત રેલવે સ્ટેશન ઉપર પહોંચતા મુસાફરો પોતાના કોચમાંથી બહાર જવા માટે ઊભા થયા હતા. પરંતુ ટ્રેનના કોચના દરવાજા ખુલ્યા નહોતા. જેના કારણે મુસાફરો અંદર જ બેસી રહ્યા હતા. થોડીવાર માટે તો કોચમાં બેઠેલા મુસાફરો કંઈ સમજી શક્યા નહોતા. ત્યારબાદ રેલવે સ્ટાફ વંદે ભારત ટ્રેન પાસે પહોંચી ગયો હતો. ટેક્નિકલ કારણોસર વંદે ભારત ટ્રેનના દરવાજા ખૂલ્યા નહોતા. આથી રેલવે વિભાગના એન્જિનિયર્સની ટીમ તાત્કાલિક દોડી આવી હતી અને તેમના દ્વારા ભારે જહેમત ઉઠાવ્યા બાદ ટ્રેનના દરવાજા મેન્યુઅલી ખોલવામાં સફળતા મળી હતી. ૨૭ દિવસ પહેલાં જામનગર રેલવે સ્ટેશન નજીક વંદે ભારત ટ્રેન સાથે ભેંસ અથડાતા અકસ્માતના પગલે ટ્રેન રોકાતા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. સદનસીબે કોઈ જાનહાનિ ન થતાં અને સહેજમાં મોટી દુર્ઘટના ટળતાં રેલવે તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. થોડી ક્ષણો માટે ટ્રેન રોકાયા બાદ પુનઃ ઓખા તરફ રવાના થઈ હતી.

## ગુજરાતમાં કાળા કાચ અને પોલીસ લખેલી કાર પર કાર્યવાહી કરવા આદેશ

ગાંધીનગર,તા.૨૯

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં નંબર પ્લેટ વિનાની અને કાળા કાચ લગાવેલી ગાડીઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. આવી મોટાભાગની ગાડી પર પોલીસ લખેલી પ્લેટ લગાવેલી જોવા મળે છે. પોલીસ સ્ટાફની કાર હોવાથી પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી અને નંબર પ્લેટ નહીં હોવાથી સીસીટીવીમાં પકડાય તો પણ તે કારની માલિકી શોધી શકાતી નથી. આ મામલે સચિવાલયના નાયબ સેક્શન અધિકારીએ પત્ર લખતા સ્ટેટ ટ્રાફિક



બ્રાન્ચના આઈજીએ ગાંધીનગર સહિત તમામ જિલ્લા અને મહાનગરોના પોલીસ અધિકારીઓને આવી કાર સામે તાત્કાલિક પગલાં લેવા લેખિત આદેશ કર્યા છે. સચિવાલયમાં સામાન્ય વહિવટ વિભાગમાં નાયબ સેક્શન ઓફિસર (કેબિનેટ શાખા) તરીકે ફરજ બજાવતા અજય જે. પટેલે સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના આઈજીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે પાટનગર ગાંધીનગર અને અન્ય મહાનગરોમાં નંબર પ્લેટ વગરની અને કાળા કાચ ધરાવતી ગાડીઓની સંખ્યામાં વધારો થયો છે. આવી મોટા ભાગની કારમાં પોલીસ તરીકેના સાઈન બોર્ડ લગાવેલા હોય છે. આવી નંબર પ્લેટ વગરની કાર હકિકતમાં તો જૂની હોય છે પરંતુ નંબર પ્લેટ પર નંબરને બદલે એપ્લાઈડ ફોર રજિસ્ટ્રેશન લખેલું હોય છે. સરકારના નવા નિયમાનુસાર નવી કાર પણ હવે શોરૂમમાંથી જ નંબર લગાવીને બહાર આવી શકે છે.

## રાજકોટમાં એકલતાનો લાભ લઈ સગીરા સાથે દુષ્કર્મ

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૯

રાજકોટ શહેરમાં રહેતી સગીરા પોતાના ઘરે એકલી હોય ત્યારે એક ઈસમે લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધવાનું કહેતા સગીરાએ ઈનકાર કર્યા છતાં બળજબરીથી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરી તેમજ કારમાં અપહરણ કરી લઈ જઈને દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. રાજકોટ શહેરમાં રહેતા પિતાએ આરોપી દીપક ઓમપ્રકાશ પ્રજાપતિ, રહે. પ્રેમ મંદિર સામે, કાલાવડ રોડ વાળા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદીની સગીર વયની દીકરી પોતાના મકાને એકલી હોય ત્યારે આરોપી દીપક પ્રજાપતિએ આવીને લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધવા માટે કહ્યું હતું જેથી સગીરાએ ઈનકાર કર્યો હતો ત્યારે આરોપીએ સગીરાના પિતા અને મામાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો આપી બે ફડાકા મારી મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા અને સગીરા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ કર્યું હતું.

## ગુજરાતના ૨૬૬માંથી ૩૬ ઉમેદવારો સામે ક્રિમિનલ કેસ

અમદાવાદ,તા.૨૯

ગુજરાતના ૨૬૬ ઉમેદવારો પૈકી ૧૪ ટકા ઉમેદવાર સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. ૨૬૬માંથી ૩૬ ઉમેદવારો સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. ૮ ટકા એટલે કે, ૨૧ ઉમેદવારો સામે ગંભીર પ્રકારના ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. ભાજપના ૨૬માંથી ૪ ઉમેદવાર સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. જેમાંથી ૨ ઉમેદવારો સામે ગંભીર પ્રકારના



ગુના નોંધાયેલા છે. કોંગ્રેસના ૨૩ ઉમેદવારો પૈકી ૫ સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. જેમાંથી ૩ સામે ગંભીર પ્રકારના ગુના નોંધાયેલા છે. ગુજરાત ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ છે. જ્યારે કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમાં સૌથી વધારે આવક અને મિલકત ધરાવતા ઉમેદવારોમાં ભાજપના ૩ ઉમેદવારનો સમાવેશ થાય છે. સૌથી વધુ મિલકત ધરાવતા ૩ ઉમેદવારો છે. જેમાં ભાજપના પૂનમ માડમ પાસે ૧૪૭ કરોડ, ભાજપના અમિત શાહ પાસે ૬૫ કરોડ અને ભાજપના સી.આર. પાટીલ પાસે ૩૯ કરોડની સંપત્તિ છે.

## રાજ્યમાં ફરી ગરમીનો પારો ઉંચકાયો: ૪૦ ડિગ્રીની પાર

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૯

બે દિવસ બાદ રાજ્યનાં ૧૦ શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાવા પામ્યું છે. ત્યારે રાજ્યમાં ફરી એક વખત ગરમીનો પારો ઉંચકાતા લોકોને બપોરનાં સમયે ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. તેમજ પવનની દિશા બદલાતા અમદાવાદવાસીઓએ આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. ત્યારે આગામી ૨૪ કલાક દરમ્યાન અમદાવાદ તેમજ અન્ય જીલ્લાઓમાં તાપમાનનો પારો ૧૧ ડિગ્રીથી વધુ નોંધાઈ શકે છે.

હવામાન વિભાગે આગાહી કરી હતી કે, એપ્રિલ મહિનાનાં અંતે તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર ગયો હતો. ત્યારે ત્રણ દિવસ અગાઉ સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ તેમજ પવનની દિશામાં પલટો થવાનાં કારણે પ્રી-મોન્સુન એક્ટિવીટીને લઈ દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદ પણ પડ્યો હતો.

ગત રોજ અમદાવાદ શહેરનું તાપમાન ૪૦.૫ ડિગ્રી, જૂનાગઢનાં કેશોદનું તાપમાન ૪૧.૨ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૧.૧ અને અમરેલીમાં ૪૧ ડિગ્રી, આણંદમાં ૪૦.૯, વડોદરામાં ૪૦.૬ અને કંડલામાં ૪૦.૫ ડિગ્રી તાપમાન નોંધાવા પામ્યું હતું.




## કચ્છની ૫૦૦૦ વર્ષ પ્રાચીન 'અજરખ કલા'ને જીઆઈ ટેગ મળ્યું

(એ.આર.એલ),ભુજ,તા.૨૯

ગુજરાતનું કચ્છ ફરી એકવાર વિશ્વ ફલક પર ચમક્યુ છે. કચ્છની પ્રસિદ્ધ અને ૫ હજાર વર્ષ પ્રાચીન માનવામાં આવતી "અજરખ કલા"ને હવે GI ટેગ પ્રાપ્ત થયું છે. જેના પગલે કચ્છ સહિત ગુજરાતભરની જનતામાં ખુશીનો માહોલ છવાયો છે. આમ તો કચ્છી કલા તેની નોખી ભાત માટે વિશ્વ પ્રસિદ્ધ છે જ, પરંતુ કચ્છની વિવિધ હસ્તકલાઓમાં તેની "અજરખ કલા" એક આગવી જ ઓળખ ધરાવે છે. આમ તો આ કલા ૫ હજાર વર્ષ પ્રાચીન મનાય છે, પરંતુ કચ્છમાં લગભગ છેલ્લાં ૫૦૦ વર્ષથી પણ વધુ સમયથી "અજરખ બ્લોક પ્રિન્ટ હસ્તકલા" પર કામ થઈ રહ્યું



છે. આ કલાની પ્રસિદ્ધિની સાથે તેની નકલ કરવાનું પ્રમાણ પણ બજારોમાં વધ્યું હતું. હવે આ કલાની ઓળખને અકબંધ રાખવા તેને "જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ્સ" એટલે કે "જીઆઈ ટેગ" આપવામાં આવ્યું છે.

હકીકતમાં "જીઆઈ ટેગ" ચોક્કસ ભૌગોલિક પ્રદેશમાંથી ઉદ્ભવેલી પ્રોડક્ટ, સેવા કે કલાને ઓળખ આપે છે. કચ્છી કસબીઓ છેલ્લાં ૧૦ વર્ષથી જીઆઈ ટેગની માન્યતા મેળવવા પ્રયાસો કરી રહ્યા હતા. જેમાં સફળતા મળી છે. અમદાવાદમાં અજરખપુર હસ્તકલા વિકાસ સંગઠનના સભ્યોને જીઆઈ રજિસ્ટ્રાર ઉન્નત પંડિતના હસ્તે સન્માનિત કરી જીઆઈ પ્રમાણપત્ર સોંપવામાં આવ્યું.




